શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત

Publisher : MUKESHKUMAR AMRUTLAL PATEL UMIYA JYOT (Gujarati Monthly) સમાજના સર્વાંગી વિકાસનું મુખપત્ર

Vol.14 • Issue No. 10 • 15th October, 2025, Wednesday • Pages 40 • Retail Price ₹ 45

નૂતન વર્ષાભિનંદન



કાળી ચૌદસ



દીપાવલી



ધનતેરસ



નૂતન વર્ષ





વાક્ (વાઘ) બારસ



ભાઈ બીજ

ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય આપની ઉપર ઉતરતા રહો



ઉમિયા જ્યોત



અંકના સૌજન્ય દાતાશ્રી

સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં





હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)

(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)

જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.

॥ सर्वे सन्तु निरामयाः ॥

માનવ સેવા એ જ પ્રભુ સેવા

મેડીકલ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્મા

માતુશ્રી ધૂડીબેન અને પિતાશ્રી શિવરામદાસ પટેલ (રૂપપુર) મેડીકલ સંકુલ

શ્રી કાનજીભાઈ બેચરદાસ પટેલ જનરલ હોસ્પિટલ અનેશ્રીમતી સંતોકબેન કાનજીભાઈ પટેલ પ્રસૂતિગૃહ

મલ્ટી ફેસીલીટી સાથેનું એક સંપૂર્ણ હોસ્પિટલ જ્યાં સારવાર સાથે દાતાશ્રીઓની માનવસેવા પણ મહેંકે છે.

માનવજીવનમાં દાનનું મહત્વ અત્યંત વિશાળ છે. ભૌતિક સંપત્તિનું દાન, શિક્ષણદાન કે અન્નદાન – બધું જ પોતાની રીતે અગત્યનું છે. પરંતુ તેમાં સૌથી શ્રેષ્ઠ દાન સ્વાસ્થ્યદાન માનવામાં આવે છે. કારણ કે સ્વાસ્થ્ય એ જીવનનો મૂળ આધાર છે.

અન્ન વગરનું જીવન શક્ય નથી, પણ અન્નદાન માત્ર એક દિવસની ભૂખ મટાવે છે. શિક્ષણદાનથી વ્યક્તિનું ભવિષ્ય ઉજળું બને છે. પરંતુ જો શરીર સ્વસ્થ ન હોય, તો શિક્ષણ અને સંપત્તિ બંનેનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. સ્વાસ્થ્ય એ મનુષ્ય માટે સાચો ખજાનો છે.

આજના સમયમાં જ્યારે જીવનશૈલીના કારણે અનેક બિમારીઓ ફેલાઈ રહી છે, ત્યારે સ્વાસ્થ્યદાનનું મહત્વ વધી જાય છે. આપણું થોડુંક યોગદાન કોઈના માટે નવો જન્મ બની શકે છે.

સ્વાસ્થ્યમાટે અનેક રીતે દાન આપી શકાય છે. સૌના રોગોનું નિદાન, સારવાર સરળતાથી થઈ શકે અને દરેક વ્યક્તિ સ્વસ્થ અને આનંદપૂર્વક જીવન જીવી શકે તો ઈશ્વર રાજી રહે છે. આવી સેવા માત્ર એક માણસને નહીં, પરંતુ અનેક જીવને જીવનદાન આપી શકે છે.

અમારી સંસ્થા પણ આ હેતુને સફળ કરવા હંમેશા તત્પર રહે છે અને અનેક દાતાશ્રીઓના દાન આમાં સહભાગી બને છે. એક દાતા સ્વ. કાનજીદાસ બેચરદાસ પટેલના દાનથી શરૂ થયેલ આ હોસ્પિટલ આજે બાર વિઘા જમીનમાં ફેલાયલ 2 વિઘાની સંપૂર્ણ આરોગ્ય વિભાગોથી સંપન્ન વિશાળ હોસ્પિટલ છે જ્યાં ઈમરજન્સી સારવાર, ફિઝીશીયન, ઓર્થો, ગાયનેક, બાળકોનો વિભાગ, ડેન્ટલ, એન.આઈ.સી.યુ.પેથોલોજી લેબ જેવી અનેક સુવિધાઓ મળી રહે છે. આજે અનેક દાતાશ્રીઓના લીધે ઘણા જીવનજન્મ લે છે, સ્વસ્થ જીવન જીવે છે સમાજ રચનામાં ભાગીદાર બને છે.

આથી, આપણે સૌએ દાનમાં સ્વાસ્થ્ય માટે આપવામાં દાનને સર્વોચ્ચ સ્થાન આપ્યુ છે . કારણ કે "સ્વાસ્થ્ય માટે આપેલ દાન જ સાચું દાન છે." – અને આ દાનની ભેટ કોઈને આપવી એ માનવતાનું સૌથી મોટું કાર્ય છે.





દાતાશ્રીઓના દાનથી બનેલ વિવિધ વિભાગો જે નાના ગામમાં પણ શહેરો જેવી સારવાર અને સુવિધા આપે છે.

મેડીકલ સ્ટોરમાં દવાના બીલમાં ૧૫% રાહત

સેવા બજાવતા ડૉક્ટરશ્રી

ડૉ. બ્રિજેશભાઈ પટેલ • ડૉ. હાર્દિકભાઈ પટેલ • ડૉ. ધ્રુવિલભાઈ મોદી • ડૉ. હસ્તિબેન પટેલ

ડૉ. કિરણભાઈ પટેલ • ડૉ. ચિરાગભાઈ પ્રજાપતિ • ડૉ. પિંકલભાઈ પંડ્યા

હારીજ-રાધનપુર હાઈવે, જી.આઈ.ડી.સી. સામે, ચાણસ્મા-૩૮૪૨૨૦, જિ. પાટણ

ફોન : ૯૪૨૮૯ ૪૮૫૧૨. E-mail : kbpatelhospital@yahoo.in

આપશ્રીનું આર્થિક દાન ઘણાંનું જીવનદાન - વિભાગોના નામકરણ માટે દાતાશ્રીઓ આવકાર્ય છે.

MEDICAL AND SOCIAL DEVELOPMENT TRUST CHANASMA.

દાતાશ્રી આ QR કોડ સ્કેન કરી દાન કરી શકે છે.

આપ સર્વેના સહકારના અપેક્ષિત

શ્રી વસંતભાઈ આત્મારામભાઈ પટેલ (જય માતાજી)

પ્રમુખશ્રી - મેડીકલ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ મો : ૯૮૨૫૦ ૩૭૦૨૯

દાતાશ્રીના દાન માટે બેન્કની વિગત

MEDICAL AND SOCIAL DEVELOPMENT TRUST CHANASMA.
BANK OF BARODA • BANK A/C NO. 43890100016572
BRANCH : CHANASMA • IFSC CODE : BARB0CHANAS (FIFTH CHARACTER IS ZERO)

Sumiran WOMEN'S HOSPITAL



માતા-પિતા
બનવાના સફરની શરૂઆત કરો
અમારી સાથે

અત્યાધુનિક સુવિધા | નવીનતમ તકનીકો અને અનુભવી ડૉક્ટરો ની ટીમ

IVF અને એન્ડોમેટ્રિઓસિસ સર્જરી માટે
શ્રેષ્ઠ સેન્ટર

શું તમે IVF હોસ્પિટલની શોધમાં છો?

તો આજે જ **સુમિરન હોસ્પિટલ** સાથે જોડાવો



ડૉ. મેહુલ સુખડીયા

ગુજરાતના આરોગ્ય મંત્રી દ્વારા સૌથી પ્રતિષ્ઠિત
IVF નિષ્ણાંત એવોર્ડ 2023 માટે સન્માનિત

26 વર્ષનો અનુભવ

22,000+ IVF દર્દીઓની સારવાર

32,500+ લેપ્રોસ્કોપિક સર્જરી

આજે જ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો: +91 76220 00421 | +91 76220 0042125

508, એ. શ્રીધર એથન્સ,
જહાંસી કી રાની પાસે, શિવરંજની,
અમદાવાદ - 380015


વિપુલ દુધીયાની સામે,
સ્ટેડિયમ ફાઇવ રોડ, નવરંગપુરા,
અમદાવાદ - 380009



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

સને ૨૦૨૫-૨૦૨૬ના

નવનિયુક્ત હોદ્દેદારશ્રીઓ



પ્રમુખ
શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ (બીજેપી)



ઉપપ્રમુખ
શ્રી રમેશભાઈ પી. પટેલ (દુધવાળા)



ઉપપ્રમુખ
શ્રી મૌલેશભાઈ ડી. ઉકાણી - રાજકોટ



માનદ્‌મંત્રી
શ્રી જયંતિભાઈ એચ. પટેલ - ઊંઝા



શ્રી મુકેશકુમાર એ. પટેલ
સહમંત્રી - ઊંઝા



શ્રી વસંતભાઈ એન. પટેલ (ચોકસી)
સહમંત્રી - ઊંઝા



શ્રી મહેન્દ્રભાઈ આર. પટેલ (વકીલ)
સહમંત્રી - ઊંઝા



શ્રી પ્રવિણભાઈ એમ. પટેલ (BR)
ખજાનચી - ઊંઝા



શ્રી હસમુખભાઈ પી. પટેલ
ખજાનચી - ઊંઝા




શ્રી હર્ષદરાય કે. પટેલ
ઓડિટર - ઊંઝા



શ્રી કૌશિકભાઈ જી. પટેલ
ઓડિટર - ઊંઝા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક

શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઉમિયા જ્યોત વતી ગુજરાત ઑફસેટ, વટવા,
અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા
અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha umiyamataunjha



ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી

ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

નૂતન વર્ષાભિનંદન

પ્રથમ તો માં ઉમિયાના ચરણોમાં વંદન કરીને ઉમિયા જ્યોતનો આ નવા વર્ષ – ઓક્ટોબર ૨૦૨૫નો – પ્રથમ અંક તથા મારા તંત્રી પદ હેઠળનો પ્રથમ અંક આપના કરકમળોમાં અર્પણ કરતાં હૃદયમાં અતિ આનંદ અને ધન્યતાની લાગણી અનુભવું છું.

હાલમાં આસોના નવરાત્રિનો મહોત્સવ આપણે સૌએ ઉમંગ અને ઉલ્લાસથી ઉજવ્યો. ધનધાન્યની દેવીનો આ ઉત્સવ એ સમયે ઉજવાય છે, જ્યારે ખેતરો પાકથી છલકાયેલા હોય અને ખેડૂતના હૈયે આનંદની લહેર દોડતી હોય છે. ચૈત્ર મહિનામાં પણ પાક ઘરમાં પહોંચે છે ત્યારે નવરાત્રિ ઉજવાય છે. આમ આસો અને ચૈત્ર – બંને નવરાત્રિમાં ખેડૂતના હૈયે આનંદના હિલોળા લેવાતા હોય છે.

ત્યારે આ વિશ્વનો અનન્ય નૃત્યોત્સવ – નવરાત્રી – એ કારણે જ આપણાં હૃદયમાં આનંદની ઝણઝણાટી જગાવે છે. જ્યારે દશેરાના દિવસે ભગવાન રામે રાવણનો સંહાર કરીને આસુરી વૃત્તિઓ ઉપર દેવત્વનો વિજય મેળવ્યો; અસત્ય ઉપર સત્યનો વિજય થયો. પરમદેવી શક્તિએ મહિષાસુર દૈત્યનો નાશ કરીને મહિષાસુરમર્દિની તરીકે ખ્યાતિ મેળવી. તેથી દશેરાનો તાત્પર્ય એ છે કે અસુરોનો નાશ થાય અને દેવત્વ વિજયી બને.

દિવાળીની વાત કરીએ તો, રાવણવધ બાદ શ્રીરામ સીતાજીને લઈને અયોધ્યામાં પરત ફર્યા ત્યારે સમગ્ર અયોધ્યાએ દીવાઓ પ્રગટાવીને આનંદોત્સવ ઉજવ્યો – એ જ દિવાળી છે. બીજી પરંપરા મુજબ, ઉજ્જૈનના વિક્રમાદિત્ય રાજાએ સદીઓથી પ્રજાને ત્રાસ આપતા હુણોને હરાવીને લોકોને મુક્તિ અપાવી. આ વિજયની સ્મૃતિરૂપે દિવાળીના બીજા દિવસથી વિક્રમ સંવતની શરૂઆત થઈ. આમ નવું વર્ષ એ વિજયગાથાની યાદ છે. ત્યારે આપણે પણ આ નવા વર્ષે પોતપોતાના ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરીએ.

આ દિવાળીના પાવન અવસર પર ઉમિયા જ્યોતનો આ નવો તથા મારા તંત્રી પદ હેઠળનો પ્રથમ અંક આપને અર્પણ કરવાનો અવસર મળ્યો છે. આ અંકને કુલ નવ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે :

- વિભાગ – ૧ : ઉપનિષદો, પુરાણો અને લોક પરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ
  શિવ મહાપુરાણમાં ઉમિયા માતાજીની કથા
- વિભાગ – ૨ : પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો
  ઉત્તર ગુજરાતમાંથી મધ્યપ્રદેશમાં પાટીદારોનું સ્થળાંતર
- વિભાગ – ૩ : પાટીદાર જ્ઞાતિ ઈતિહાસની અટારીએથી
  ૧. પાટીદાર સંતો – આંબા ભગત,
  ૨. પાટીદાર વીરો – સુરાપુરાની ખાંભીઓ, છત્રાલાનો પાળિયો
- વિભાગ – ૪ : પાટીદાર સમાજ રત્નો
- વિભાગ – ૫ : આરોગ્ય : પહેલું સુખ તે જાતે નર્યા
- વિભાગ – ૬ : શિક્ષણ : વિકાસનું પ્રથમ પગલું
- વિભાગ – ૭ : કૃષિ, વેપાર અને ઉદ્યોગ
- વિભાગ – ૮ : પ્રેરણાત્મક સાહિત્ય
- વિભાગ – ૯ : ઉમિયા દ્વારેથી.

આ અંકમાં પ્રથમ વિભાગ હેઠળ પુરાણો, ઉપનિષદો અને લોક પરંપરામાં વર્ણવાયેલી ઉમિયા માતાની કથાઓ પ્રકાશિત કરવામાં આવી છે. આ વખતે શિવ મહાપુરાણમાંથી ઉમિયા માતાની કથા પ્રસ્તુત છે, જેને તમે વાંચી પણ શકશો અને સાંભળી પણ શકશો.

જો આપ પાસે આવી કોઈ કથા હોય અને એના સંદર્ભરૂપે પુસ્તકનું નામ, પ્રકાશકનું નામ-સરનામું, આવૃત્તિ નંબર તથા પાના નંબર આપીને તો કૃપા કરીને લેખ સ્વરૂપે અમને મોકલી આપશો. એવા લેખોને આવતા ઉમિયા જ્યોતના અંકમાં સ્થાન આપવામાં આવશે.

બીજો વિભાગ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો વિષયક છે. આ વિષય પર આપની પાસે પ્રમાણભૂત અને ચકાસેલી માહિતી હોય તો લેખ સ્વરૂપે અમને અમારા ઈ-મેલ આઈડી : editorumiyajyot@gmail.com પર મોકલો. ઉપરાંત મોબાઈલ નંબર ૬૩૫૪૫ ૩૬૪૩૬ પર યુનિક કોડ લેટર ટાઈપ કરીને, સુવાચ્ય અક્ષરે લખીને ફોટોકોપી કરીને અથવા વોઈસ મેલ દ્વારા Whatsapp પર પણ મોકલી શકો છો. ઉમિયા જ્યોતના કાર્યાલય ઉપર આપ હાર્ડ કોપી પણ મોકલી શકો છો.

આપના મહામૂલ્યવાન સૂચનો, મંતવ્યો અને લેખો આ નંબર ઉપર આવકાર્ય છે. ઉમિયા જ્યોતના આ દિવાળી અંકમાં મુકાયેલા તમામ લેખોને આપ તમારા મોબાઈલમાં ગુગલ સ્કેનર દ્વારા સ્કેન કરીને સાંભળી શકો છો. આજના યુગ પ્રમાણે વાંચન ઘટતું જાય છે ત્યારે વાંચો નહીં, સાંભળો – તેવો ઉમિયા જ્યોતનો આ અંક તૈયાર કર્યો છે. ટ્રેનમાં, બસમાં કે કારમાં મુસાફરી દરમિયાન કે ઘરમાં આરામ કરતી વેળાએ પણ હવે આ અંકને સાંભળી શકશો.

કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીને ઉમિયા જ્યોતનો આ અંક સામાયિક જગતમાં કદાચ સાંભળવા યોગ્ય એવો પ્રથમ ક્રાંતિકારી અંક બની રહેશે. તેથી આપના સૂચનો, સહયોગ અને આશીર્વાદ આવકાર્ય છે.

ઉમિયા જ્યોત આપના હૃદયમાં નવું અજવાળું પ્રગટાવે અને નવું વર્ષ આપના જીવનમાં ઝળહળતું બની રહે – તેવી માં ઉમિયાના ચરણોમાં પ્રાર્થના સાથે વિરમું છું.

ભગવતી મા ઉમાની પ્રાદુર્ભાવ કથા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

શિવ મહાપુરાણમાં ઉમિયા માતાજીની કથા



દેવતાત્મા નગાધિરાજ હિમાલય અને મેનાની પુત્રી ઉમાઃ જે પરમેશ્વર, પરબ્રહ્મની મૂળ પ્રકૃતિ ઈશ્વરી નિરાકાર છતાં સાકાર અને નિત્ય આનંદમયી સતી ભુવનેશ્વરી ઉમાનો અવતાર - પ્રસંગ આ મુજબ છે :

એક વખત દેવો અને દાનવોનું પરસ્પર યુદ્ધ થયું. જેમાં મહામાયાના પ્રભાવથી દેવોનો વિજય થયો, આથી દેવો અભિમાની બની કહેવા લાગ્યા, કે "અસુરો આપણો પરમ અસહનીય પ્રભાવ જોઈ ભય પામ્યા છે. અહો ! દેવોનું બળ ! દૈત્યોના વંશનો નાશ કરનારું, તેજ ! આ પ્રકારે સર્વ દેવતાઓ પોતાનાં વખાણ કરવા લાગ્યા. આ સમયે મોટા શિખર જેવા દેખાવનું મહાતેજ પ્રગટ થયું. પૂર્વે ક્યારેય નહિ જોયેલું આ તેજ જોઈને દેવો વિસ્મિત થયા. પોતાના અભિમાનને તોડનાર શ્યામા - ભગવતીનો પ્રભાવ દેવો સમજી શક્યા નહિ. દેવોના મુખ્ય નાયક ઈન્દ્રે દેવોને આ તેજપુંજની પરીક્ષા કરવા પ્રથમ વાયુને આજ્ઞા કરી. વાયુ તેજની પાસે ગયો. તેજે વાયુને પુછ્યું કે 'તું કોણ છે ?' ત્યારે અભિમાની વાયુએ કહ્યુ કે "હું જગતનો પ્રાણ (વાયુ) છું. જંગમ-સ્થાપર સમગ્ર જગત મારાથી ઓતપ્રોત છે. આ જગતને હું ચલાવી રહ્યો છું." ત્યારે મહાતેજે કહ્યું : 'જો તું બધું ચલાવવા સમર્થ છે, તો હે વાયુ ! આ તણખલું પોતાની ઈચ્છાથી ચલાવી દે !' વાયુએ સર્વ પ્રયત્ન કર્યા છતાં તે પોતાના સ્થાનેથી ચલિત ન થયું ત્યારે વાયુ શરમિંદો બની ઈન્દ્રની સભામાં જઈ પોતાના અપમાન સહિતનું સમગ્ર વૃત્તાન્ત જણાવ્યું અને કહ્યું કે 'આપણે બધા વ્યર્થ પોતા વિશે સર્વેશ્વરપણું માનીએ છીએ. આપણે ક્ષુદ્ર વસ્તુમાં પણ કંઈ કરવા સમર્થ નથી.' આ રીતે ક્રમાનુસાર સર્વે દેવો નિષ્ફળ ગયા ત્યારે સ્વયં ઈન્દ્ર મહાતેજની શરણે ગયો. ઈન્દ્રને આવેલો જોઈ તેજ અદૃશ્ય થઈ ગયું. આ જોઈ ઈન્દ્ર આશ્ચર્ય પામ્યો. ઈન્દ્ર વિચાર કરી સ્વયં ઉત્તમ ચરિત્ર પાસે નમ્રભાવે ગયો. આથી તે તેજ દેવો પર કૃપા કરવા અને તેમનો ગર્વ દૂર કરવા નિષ્કપટ, દયામય શરીરવાળાં, સચ્ચિદાનંદ-સ્વરૂપ, ચાર હાથમાં વર, પાશ, અંકુશ તથા અભયને ધારણ કરતાં, વેદોથી સેવાતાં નવા યૌવન વડે ગર્વિત, લાલ વસ્ત્રો અને લાલ પુષ્પમાળા તથા વિલેપન ધારણ કરેલ, કરોડો સૂર્ય - ચન્દ્ર સમાન કાન્તિ ધરાવનાર, સર્વનાં અન્તર્યામી સ્વરૂપ, સર્વ પ્રાણીઓનાં સાક્ષી, મહામાયા શિવ-પત્ની ઉમાદેવી ચૈત્ર સુદિ નોમના દિવસે સૂર્ય જ્યારે મધ્યાહનકાળે હતો, ત્યારે ત્યાં પ્રગટ થયાં. તેજની મધ્યે તે વિરાજી રહ્યાં હતાં અને 'હું જ બ્રહ્મ છું' એમ સર્વ દેવોને સ્પષ્ટ બોધ આપતાં કહે છે કે 'મારી આગળ કંઈ ગર્વ કરવા બ્રહ્મા, વિષ્ણુ અને ત્રિપુરારિ ઈશ્વર પણ સમર્થ નથી. હું જ પરબ્રહ્મ, પરમજ્યોતિ, પ્રણવ-ૐકાર સ્વરૂપ તથા દ્વન્દ્વ સ્વરૂપ છું. હું નિરાકાર છતાં સાકાર, સર્વ તત્વરૂપ, નિત્ય તથા કાર્ય - કારણ રૂપ છું. કાલિકા, મહાલક્ષ્મી તથા સરસ્વતી આદિ બધી શક્તિઓ મારા અંશથી જ જન્મી છે અને એ બધી મારી કલાઓ છે. મારા પ્રભાવથી તમે સર્વ દૈત્યોને જીત્યા છે અને જાણ્યા વિના તમે વ્યર્થ પોતાને ઈશ્વર માની બેઠા છો.'

આ પ્રકારે અનેક પ્રકારનું સ્વરૂપ જણાવી કહ્યું કે, 'પોતાપોતાનો ગર્વ છોડી દઈ, પ્રેમયુક્ત થઈને સનાતની પ્રકૃતિ એવી મારું ભજન કરો.' દેવીનું આ કરુણાયુક્ત વચન સાંભળી દેવોએ ભક્તિથી, વિધિ પૂર્વક તેમની સ્તુતિ કરી. ત્યારથી દેવો અહંકાર છોડી, એકાગ્ર ચિત્ત થઈ ઉમાનું આરાધન કરવા લાગ્યા.

આમ, પુરાણકાર દેવી ભગવતી મા - ઉમાનું રૌદ્ર અને સૌમ્ય સ્વરૂપનું માહાત્મ્ય-વર્ણન કરે છે, જે દેવોની માફક નિરાહંકારી અને ભક્તિભાવથી ઉપાસના કરે છે અને આ કથાને જાણે છે; તે મનુષ્ય પરમગતિને પામે છે.



ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ

વિભાગ : ૨ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો

માળવા:મધ્યપ્રદેશમાં પાટીદારોનું સ્થળાંતર

ગુજરાતી हिन्दी

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

વિ. સં. ૧૦૦૨માં ઉજ્જૈનનો સિન્ધુરાજ પાટણની રાજકુમારી સાથે લગ્ન કરવા માટે પાટણ આવ્યો, સિન્ધુ રાજ પછી મુંજ અને મુંજ પછી ભોજ રાજા થયો. ઉજ્જૈનના રાજ્યમાં અગાઉ થયેલા રાજાઓના નામો પાછળની પેઢીમાં પણ પાડવામાં આવતા હતા. આ લગ્ન સમારંભમાં ઊંઝા આસપાસના પાટીદારોના આગેવાનોને રાજ્ય તરફથી નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ પાટીદાર સમાજના આગેવાનો મોટી પાઘડી બાંધી, હાથમાં ચાંદીના હોકા લઈ, ખભે ખેસ નાખીને આ લગ્ન સમારંભમાં ઉપસ્થિત થયા હતા. આ પાટીદારો પાટણની રાજકુંવરીને સિંચામણી : હાથગરણું : ચાલ્લો કરવા માટે ઉભા થયા, ત્યારે ઉજ્જૈનના રાજા સિન્ધુરાજાએ આવા પાટીદારોને જોઈને પાટણના રાજાને પૂછવા માંડ્યું, "હે સસરાજી ! આ લોકો કોણ છે ! જેમણે મોટી પાઘડી બાંધી છે. હાથમાં ચાંદીના હોકા લીધા છે અને ખભે ખેસ નાખ્યો છે. આ ક્યા ક્યા સમાજના છે" આ સાંભળીને પાટણના રાજા કહેવા લાગ્યા, "એ કણબી પાટીદાર છે. અહીં જમીનના માલિક એ લોકો છે. જ્યારે જમા (મહેસુલ)ના માલિક આપણે છીએ. એ આપણા બરોબરીયા છે. આપણા પાંથીદાર છે. પાંથીદાર એટલે ભાગીદાર. એ રાજાની બરોબરીમાં છે એટલા માટે એ લોકો હાથમાં ચાંદીના હોકા લઈને ખભે ખેસ નાંખી મોટી પાઘડી બાંધીને આપણી સામે આવ્યા છે."

રાજાની બરોબરીમાં છે એટલા માટે એ લોકો હોકા લઈને આપણા સામે આવ્યા છે. કચેરીમાં હોકા ન પાવીય તેમ છતાં હોકા લઈને આપણા સામે એટલા માટે આવ્યા છે. તો સિન્ધુ રાજ કહેવા લાગ્યા, "મારા માળવાની અંદર પાટીદાર સમાજ નથી. એટલા માટે મને પાંચ-પચ્ચીસ ઘર આપો. જેથી ત્યાં તેમનો વસવાટ થઈ જાય" આ સાંભળી પાટણના રાજા કહેવા લાગ્યા, "મારા કહેવાથી તો આવશે નહીં. કાયદેસર તો આવશે નહી પણ એ લોકો તમને મળવા આવે ત્યારે તેમની પાસે તમે માગણી કરો, તો કદાચ એ લોકો માળવા આવે." પાટીદાર સમાજના આગેવાનો સિન્ધુરાજ સામે રામ રામ કરીને ઉભા રહ્યાં. સિન્ધુરાજ ઉજ્જૈનના રાજા કહેવા લાગ્યા કે, "ભાઈઓ મારા માળવાની અંદર પાટીદાર સમાજ નથી. પણ તમે મારી સાથે ત્યાં પાંચ - પચીસ ઘર ત્યાં આવી જાવ. તેથી તમારો વસવાટ ત્યાં થઈ જાય," કણબી પાટીદાર કહેવા લાગ્યા, "હે રાજા આનો જવાબ અમે બે દિવસ પછી આપીશું." પાટીદાર સમાજ ઘેર ગયો. પછી પાટીદારોએ પોતાનું પંચ બોલાવ્યું. પંચના આગેવાનોએ કહ્યું, માળવા દેશમાં કોણ જશે, પંચમાં ચર્ચા ચાલી. અંતમાં એવું નક્કી થયું કે, બે ભાઈમાંથી એક ભાઈ જાય, ચાર ભાઈ માંથી બે જાય, એ રીતે કરો. એ રીતે કરતાં શરૂઆતમાં પોણા બસો ઘર જવા માટે તૈયાર થઈ ગયા. પાટીદારોએ સિન્ધુરાજને કહ્યુ, અમે ૧૭૫ ઘરવાળા અમે આવી રહ્યા છીએ. તેમને માનપાન, કદર, આદર સહકાર આપીને લઈ જઈને ઉજ્જૈનની આસપાસ ૧૭૫ ગામમાં વસાવ્યા. તેમજ જાગીરીઓ ત્યાં આપીને ત્યાં વસાવ્યાં. ત્યાં વસતા પાટીદાર જાગીદારોના નામ પાછળ સિંહ લાગે છે. આ જાગીરદારનું અવસાન થાય અને અગ્નીદાહ અપાય તે સ્થળે પથ્થરની છતરડી બનાવીને પગલા મુકાય છે. હાલમાં આ પુસ્તક લખાઈ રહ્યું છે ત્યારે પણ ત્યાંની સ્ત્રીઓ પડદાનશીન છે. મહેમાન આવે તો ગાદલા ગોદડા લઈને મંદિરમાં ઉતારો આપવામાં આવે છે. મહેમાન આગળથી કોઈ બહેન - દીકરી નીકળતી નથી. આનું કારણ તેમને મળેલી જાગીરો છે. બીજી વખતે વિ.સં. ૧૦૦૩માં ૯૦૦ ગાડા લઈને પાટીદારો માળવા ગયા, જેમાં ૪૦૦ ગાડા કડવાના અને ૫૦૦ ગાડા લેઉવા પાટીદારના હતા. આ નવસો ગાડાના પાટીદારોને સિન્ધુરાજ કહે, "તેમ આવ્યા તો ભલે આવ્યા. જ્યાં સારી જમીન હોય ત્યાં તમે રહો." ૫૦૦ - ૭૦૦ વીધા જમીન આપી. પટેલ આગેવાન હશે તેને જાગીરી આપીશું, બાર વર્ષ સુધી વેરો લઈશું નહીં. ગયેલ લોકોએ વિચાર્યું, ભાઈ



બાર વર્ષ તો ખેડી ખાવ પછી જોયું જશે. પાટીદારો ત્યાં રહ્યા.

ત્રીજી વખતે વિ.સ. ૧૦૦૫માં ૧૧૦૦ ગાડા ભરીને ઉજ્જૈનમાં કડવા પાટીદાર અને લેઉવા પાટીદાર ગયા. એમને સિન્ધરાજે કહ્યું, જ્યાં સારી જમીન જુઓ ત્યાં ત્યાં ખેડો. કોઈ નીમાડ, ઝાંબુવા, ધાર અને ભોપાલ તરફ ગયા. જેમાં ૬૦૦ ગાડા ભરીને કડવા પાટીદારો ગયેલા, જ્યારે ૫૦૦ ગાડા ભરીને લેઉવા પાટીદારો ગયા હતા. આ દરમ્યાન બાર વર્ષે લગ્ન બંધુકા વિવાહ અહી થઈ ગયા. પાછળથી વિ.સં. ૧૦૦૫માં ગયેલા અગિયારસો ગાડાવાળાઓએ કહ્યું, અમે તો લગ્ન કરીને આવ્યા છીએ. માળવાથી પંચના આગેવાનો ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે લગ્નનું મુહૂર્ત લેવા માટે આવ્યા, ત્યારે પાટીદાર પંચ હેડીને આવે છે. માતાજી અહીથી લગ્નની કંકોતરી લઈને ગયા સેવાલિયા, ગોધરા પહોંચી રસોઈ કરતાં હતાં. ત્યાં માતાજી બ્રાહ્મણીનો વેશ લઈને ગયા. આ બધા પંચો લઈને ક્યાં જાઓ છો. અમારા માતાજી પાસે લગ્ન લેવા જઈએ છીએ. માએ મને મોકલી છે. હું તો લગ્નની કંકોતરી લઈને આવી છું. લગ્ન તો જતા રહ્યાં. હવે લગ્ન બાર વરસે આવશે, તમે હવે છુટક લગ્ન અખાત્રીજાના દિવસે કરી નાખો. કંકોતરીમાં લખેલ છે. માએ છુટક લગ્ન કરવાનો આદેશ આપ્યો છે. ત્યાં લગ્ન માતાનું મંદિર બનાવ્યું સેવાલિયા સાત આંબલિયાના થડ નીચે, મહિસાગર નદીને કાંઠે આજે પણ લગ્ન માતાનું મંદિર છે. ત્યાં ઉમિયા માતાજીના બંધુકા વિવાહની લગ્નની કંકોતરી ઊંઝાથી લગ્નીયા લઈને જતા અને ત્યાં મૂકીને પરત આવતા હતા. ત્યાંથી મધ્યપ્રદેશના પાટીદારો આ લગ્નની કંકોતરીનો પડો ધામણોદ લઈને જતા હતા. ત્યાંથી બીજી સાત લગ્ન પત્રિકાઓ જુદા જુદા સ્થાને મોકલવામાં આવતી હતી. આ લગ્ન માતાનું મંદિર શોધતા શોધતા આ લેખના લેખક ડૉ. અમૃત પટેલ તેમજ ઊંઝા ઉમિયા માતાજી મંદિરના પૂર્વ પ્રમુખ મણીભાઈ પટેલ (મમ્મી) અને ચાણસ્માના પૂર્વ ધારાસભ્ય વિક્રમભાઈ પટેલ ગયા હતા. મંદિર મહિસાગર નદીને કાંઠે સામાન્ય દેરા પ્રકારનું આ લગ્ન માતાનું મંદિર આજે પણ ઊભુ છે.

પ્રથમ વખતે પાટીદારો સિંધુરાજના સમયમાં ત્રણ તબક્કામાં માળવા ગયા છે .એક તો વિક્રમ સવંત ૧૦૦૨માં સિંધુરાજ પોતાના લગ્ન સમારંભ વખતે માગીને પાટીદારોને માળવા લઈ ગયો અને ત્યાં પાટીદારોને જાગીરીઓ આપી. ત્યારબાદ માળવા ગયેલા પાટીદારો સુખી થયાનું જાણીને ગુજરાતના પાટીદારો ૯૦૦ ગાડા લઈને વિક્રમ સવંત ૧૦૦૩ મા માળવા ગયા. ત્યારબાદ ત્રીજા તબક્કામાં વિક્રમ સવંત ૧૦૦૫ માં ૧૧૦૦ ગાડા લઈને પાટીદારો માળવા ગયા છે. આ સિન્ધુરાજનો માળવાનો શાસનકાળ ઈ.સ. ૯૯૭ થી ઈ.સ. ૧૦૧૧ એટલે વિ.સ. ૧૦૪૩ થી વિ.સ. ૧૦૬૭ હતો.

સિંધુ રાજ પછી મુંજ અને મુંજ પછી ભોજ રાજા ગાદીએ આવ્યો.

વિ.સં. ૧૦૬૭ માં ભોજ ગાદીએ આવ્યો ત્યારે તેણે કૃષિને ઉત્તેજન આપ્યું. બેતવા નદી ઉપર અનેક નાના ડેમો બનાવ્યા. ભોજબંધ (ભોજપાલ) બાંધી વિશાળ તળાવ ૨૫૦ વર્ગ માઈલમાં બનાવ્યું. ભોજપાલ પરથી હાલનું ભોપાલ થયું છે. આ સમયે ભોજ રાજાએ પાટણવાડાના પાટીદારોને વિવિધ પ્રલોભનો આપીને માળવામાં વસાવ્યા. પાટણવાળો આખો પંથક ખાલી થવા માંડયો. પાટણના રાજા ભીમદેવે સ્વતંત્ર મિજાજના પાટીદારોને માળવા જતા અટકાવવા માટે એમના ઈષ્ટદેવી ઉમિયા માતાજીનું શરણું લીધું. માતાજીના માધ્યમ દ્વારા માતાજીના પૂજારી પાસે ધૂણીને એવું કહેવડાવ્યું કે, "હે મારા સંતાનો એવા પાટીદારો તમે દર બાર વરસે મારા સાનિધ્યમાં રહીને બંધુકાવિવાહ કરો છો, મને બલિ ચઢાવો છો. તમે માળવા જશો તો મને નૈવેધ કોણ કરશે, બલિ કોણ આપશે. હું તમારા પર કોપાયમાન થઈ છું. માટે કરીને તમે હવે માળવા જશો નહીં."

એક બાજુ પોતાના પ્રચંડ આસ્થાના પ્રતિક સમાન કુળદેવી ઉમિયા માતાજી તરફથી ધાર્મિક ભય ઉભો થયો હતો. તો બીજી બાજુ પોતાના સગા-વહાલા, ભાઈ-ભાંડુઓ માળવા જઈને આબાદ બન્યા હતા. માટે ત્યાં જવાનું પ્રલોભન હતું. શું કરવું ? શું ન કરવું ? એવી સ્થિતિ ઉભી થઈ, ધાર્મિક ભય વચ્ચે પણ કેટલાક પાટીદારો રાત્રે પોતાની ઘરવખરી ગાડે નાંખીને માળવા જતા રહેતા. આ સમયે ઉત્પન્ન થયેલ 'મન હોય તો માળવે જવાય' તે કહેવત હજુ આજે પણ જનવપરાશમાં એવીને એવી તરોતાજગી ધરાવે છે. માળવા, ઉજ્જૈન, ઈન્દોર, ભોપાલ, શાહજાપુર, નિમાડ, ચંબલ, કોટા, ધાર, ખંડવા વગેરે મધ્યપ્રદેશના વિસ્તારોમાં ૨૫ થી ૩૦ લાખ પાટીદારો વસે છે, જેમની અટકો ઉત્તર ગુજરાતના ગામનામોને આધારે પડેલી છે. ઉમિયા માતાજી ઊંઝાના મંદિરેથી બંધુકા વિવાહની લગ્ન પત્રિકા ત્યાં માળવા જતી હતી. તેઓ ત્યાં પણ બંધુકાવિવાહ કરતા હતા. આ મન હોય તો માળવે જવાય તે કહેવતની ઉત્પતિના કેન્દ્રમાં ઉંઝાનગર અને ઉમિયા માતાજી પ્રત્યેની આસ્થા, શ્રદ્ધા અને ભક્તિ પડેલી છે.

સમયના લાંબા પટ ઉપર બનતી રહેલી માળવા તરફના સ્થળાંતરોની વિવિધ ઘટનાઓને અટકાવવાના પ્રયત્નમાંથી આ મન હોય તો માળવે જવાય તે કહેવતનું સર્જન થયું છે. આ કહેવતના સર્જનના મૂળમાં તો પાટીદાર પ્રજાના સ્થળાંતરો, તેમનો વ્યવસાય, પોતાના ઈષ્ટદેવી-દેવતા તરફનો શ્રદ્ધા અને ભક્તિભાવ કેન્દ્રમાં રહેલો છે. એક નાનકડી "મન હોય તો માળવે જવાય" તે કહેવત પ્રજાના ઈતિહાસ અને સંસ્કૃતિને કેટલા લાંબા સમયથી સાચવતી આવી છે, અને સાચવતી રહેશે. આ

પછી પણ પાટીદારો અનેક કારણોસર માળવા, ઈન્દોર, ઉજ્જૈન, નીમાડ, ખરગોન, શાહજાપુર ગયા છે.

મધ્યપ્રદેશના આ પાટીદારો હાલમાં પોતાને પાટીદાર તરીકે ઓળખાવે છે. પરંતુ મધ્યપ્રદેશના સરકારી રેકડો પર તેઓ કુલ્મી કે કુલમી તરીકે ઓળખાય છે. આ સંશોધકે મધ્યપ્રદેશના કેટલાયે ગામોમાં ફરીને તેમનો સરકારી રેકોર્ડ, ઘર વેરો અને જમીન વેરો ભર્યાની પાવતીઓ તપાસતા આ રેકર્ડ પર તેઓ કુલ્મી કે કુલમી તરીકે ઓળખાતા જોવા મળ્યા છે. તેઓની પાટીદાર તરીકેની જ્ઞાતિ સૂચક સંજ્ઞા તાજેતરમાં જ આવી હોય તેવું આ સંશોધકને અભ્યાસને આધારે માલુમ પડ્યું છે. મધ્યપ્રદેશના આ કડવા પાટીદારોનો ધંધો ખેતી છે. આ જ્ઞાતિના લગભગ ૯૫ થી ૯૭ ટકા કે તેથી વધુ કુટુંબો ખેતી ઉપર જ નભે છે.

તેમનું જીવન ધોરણ અને રહન સહન (રીત-ભાત) ગુજરાતના પાટીદારો કરતાં ઘણી જ ઉંચી માલુમ પડે છે. તેઓ સંસ્કારી, વિનયી અને ઉંચા ખાનદાનમાં જોવા મળે તેવી શાલીનતાવાળા આ સંશોધકને જણાયા છે. તેઓની ખાનપાનની ટેવો ઊંચા કુટુંબો જોવા મળે તે પ્રકારની જોવા મળે છે. મધ્યપ્રદેશના કડવા પાટીદારોના ધરેણાઓ અને ગુજરાતના કડવા પાટીદારોના ઘરણાઓમાં ગજબનું સામ્ય જોવા મળે છે. ઊંઝા આસપાસના કડવા પાટીદારો જે પ્રકારો ઈન્દ્ર પુજા;શુકનના મહોત્સવ યોજે છે તે પ્રકારના મહોત્સવો ત્યાં નાના પાયે થતા જોવા મળ્યા છે. તેઓનો ખાસ કરીને સ્ત્રીઓનો પોશાક ગુજરાતના પાટીદારો કરતાં ભિન્ન જોવા મળે છે આ પહેરવેશ તેઓની યુવાન સ્ત્રીઓએ છેલ્લા ૧૦ વર્ષમાં ત્યજી દીધો છે. માત્ર વૃધ્ધ માતાઓ જ તે પરંપરાગત પોશાક હાલમાં પરિધાન કરે છે. તે પોશાક મહારાષ્ટ્રીયન સ્ત્રીઓ જે પ્રકારે વસ્ત્ર પરિધાન કરે છે તે પ્રકારનો લગભગ જોવા મળે છે. ત્યાંના દરેક ગામે આવો પોશાક પહેરનાર ૫ થી૧૦ વૃદ્ધ માતાઓ હાલમાં પણ નજરે પડે છે. યુવાન સ્ત્રીઓ ગુજરાતની પાટીદારો સ્ત્રીઓના જેવા જ વસ્ત્રો પરિધાન કરે છે. મધ્ય પ્રદેશના કડવા - લેઉવા બન્ને પ્રકારના પાટીદારોમાં શિક્ષણનું પ્રમાણ ચિન્તાજનક ગણાય તેટલી હદે ઓછું જોવા મળેલ છે, નિમાડ આસપાસના પ્રદેશમાં. તેમ છતાં આ પાટીદારો સખત પરિશ્રમી, ઉત્સાહી, નિરાભીમાની અને સ્પષ્ટ વક્તા હોવાને કારણે તેઓ માત્ર કૃષિ આધારીત જીવન ગાળતા હોવા છતાં પ્રમાણમાં સુખી છે. આ કડવા પાટીદારો મહેસાણા અને ગુજરાતના ક્યા ગામોમાંથી મધ્યપ્રદેશમાં જઈને વસ્યા છે. તેની મળેલી આધારભૂત માહિતી નીચે પ્રમાણે છે.

મધ્યપ્રદેશમાં વસતા કડવા અને લેઉવા બન્ને પ્રકારના પાટીદારો હાલના ગુજરાતના મહેસાણા અને પાટણ જિલ્લામાંથી તેમજ ખાસ કરીને ઉત્તર ગુજરાતના ગામોમાંથી ત્યાં જઈને વસ્યા છે. પાટીદારોના સ્થળાંતરોના કારણો તપાસતાં આ મુખ્યત્વે છ કારણો પ્રથમ નજરે જણાઈ આવ્યા છે. જ્યારે જ્યારે પાટીદારોને સ્થળાંતર કરવાનો સમય આવ્યો ત્યારે એક ભાઈ પૂર્વ દિશામાં ગયો (મધ્યપ્રદેશ), બીજો ભાઈ દક્ષિણમાં ગયો ખેડા, ભરુચ, સુરત જિલ્લામાં કે તેથી પણ નીચે નંદનબાર, ભૂસાવળ સુધી ગયો. એક ભાઈ પ્રશ્ચિમમાં ગયો. સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લામાં વસ્યો. ખાસ કરીને મચ્છુ કાંઠે (હાલના મોરબી પ્રદેશમાં) વસ્યો. પાટીદારો મચ્છુ કાંઠે વસ્યા ત્યારે મોરબી શહેરીની સ્થાપના થઈ ન્હોતી. મોરબી શહેરની સ્થાપના ઈ.સ. ૧૯૯૮માં જ થઈ છે. પાટીદારો તે પહેલાના તે પ્રદેશમાં વસે છે. જ્યારે જ્યારે સ્થળાંતર કરવાનો સમય આવ્યો ત્યારે આ સગાભાઈઓ એક જ માતા-પિતા ના સંતાનો હોવા છતાં પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં અલગ અલગ ગયા છે. આ એક કઠોર વાસ્તવિક સત્ય છે. આ છૂટા પડેલા ભાઈઓ પછી ક્યારેય મળવાના નથી, તે જાણતા હોવા છતાં તેઓએ સ્થળાંતરોના સમયે આ રીતે જ સ્થળાંતર ક્યું છે. આ સ્થળાંતર કરીને જનારા ભાઈઓ ક્યાં જઈને વસવાના છે, ક્યાં રહેવાના છે, તેનું કોઈ જ ઠામઠેકાણું ન હોવાથી તેઓ એકબીજાને મળી શક્યા પણ નથી. પરંતુ, બારોટ અને વહીવંચા બારોટો ઠામોઠામ ફરતા હોવાથી તેઓનો પત્તો મેળવતા એક બીજાના સંદેશા છ - બાર મહિને કે એક-બે વર્ષે પહોંચડતા. આ જ્ઞાતિ તેમના બંધુકા વિવાહને કારણે આ જ દિન સુધી એકત્ર રહી શકી છે

આ જ્ઞાતિ ઊંઝાના રાજા અવનીપતિના સમયથી સમય અંદાજે આજથી ૨૫૦૦ થી ૩૦૦૦ વર્ષ પૂર્વથી બંધુકાવિવાહ કરતી આવી છે. ઉમિયા માતાજી ઊંઝાથી લગ્ન કંકોતરી દર ૫-૭-૯-૧૦ કે ૧૧ વર્ષે જતી ત્યારે આ બંધુકા વિવાહ થતા. પાછળથી વિ.સં. ૧૯૦૬માં થોભણદાસ મોલ્લોતે આ બંધુકા વિવાહનો સમય ગાળો નક્કી કર્યો. ૧૯૦૬-૧૬-૨૬-૩૬ એમ દર દશ વર્ષે વૈશાખ સુદ -ત્રીજ, અખાત્રીજના દિવસે જ સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં લગ્નોત્સવો થતા. આ કારણથી જ દુર - દુર સુધી વિસ્તરેલા કડવા પાટીદારો એકત્રિત રહી શક્યા છે. મધ્યપ્રદેશમાં આ બંધુકા વિવાહની લગ્નપત્રિકા લઈને જવાનું ઘણુ કઠીન હોવાથી તેમણે મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લામાં મહીનદીના કાંઠે લગ્નમાતાજીનું મંદિર બનાવ્યુ હતું. ઊંઝા ઉમિયા માતાજી થી લગ્ન પત્રિકા ત્યાં લગ્ન માતાના મંદિર જતી. ત્યાંથી મધ્યપ્રદેશના કડવા પાટીદારો એ લગ્ન પડો લઈ જતા હતાં. મધ્ય પ્રદેશ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કડવા પાટીદારોના પૂર્વજો હકીકતે મોટા ભાગે સગાભાઈઓ જ હોય તેવું અનેક અભ્યાસોને આધારે જાણવા મળ્યું છે.

મધ્ય પ્રદેશના કડવા પાટીદારો ગુજરાતના ક્યા ક્યા ગામોમાંથી જઈને ત્યાં મધ્યપ્રદેશના ક્યા જિલ્લામાં ક્યા ગામે

હાલમાં વસવાટ કરે છે તેમજ તેમની ત્યાંની હાલની શાખ કે ઓળખ કઈછે તેની જાણવા મળેલી વિગતો નીચે મુજબ છે.

ક્રમ	હાલનો જિલ્લો	હાલનું ગામ	હાલની શાખક ઓળખ	ગુજરાતનું મૂળ ગામ
૧	ઉજ્જૈન	દંતોતર	અમૃતિયા	દંતાલી-
૨	ઉજ્જૈન	મોલટા	વડિયા	પીલુદરા
૩	ઉજ્જૈન	લાવરી	મંડલોઈ	પાલોદરા
૪	ઉજ્જૈન	અભેપુર	ભૂત	ખેરવા
૫	ઉજ્જૈન	દુપાઈડા	લક્કડ	પાલોદર
૬	ઉજ્જૈન	દંતોતર	ગઉલા	ગોરા ઘુમાડ
૭	ઉજ્જૈન	ગાણશી	ગોઠી	ડરણ
૮	ઉજ્જૈન	કાયથા	હરણિયા	ડરણ
૯		સરોલિયા	ધોરિયા	લાડોલ
૧૦	જાવરા	અજદ	મગનિયા	મગુના
૧૧	સાંજાપુર	બડેશા	નાર	
૧૨	ઉજ્જૈન	કસનારી	કટારિયા	પાલોદર
૧૩	ઉજ્જૈન	જીતખેડી	ગામી	ધોળકા
૧૪	ઈન્દોર	ખજરાણા	અંબારિયા	ખાવડ
૧૫	ઈન્દોર	રાઉ	મહીડા	નારદીપુર
૧૬	ઈન્દોર	હરસોલ	ગામી	ધોળકા
૧૭	ઈન્દોર	રાઉ	ડીંગુચા	ડીંગુચા
૧૮	જાંબુવા	કિસનગઢ	સોનારિયા	વડનગર
૧૯	તરાણા	કનારદી	જાગોદરા	જગુદણ
૨૦	નરખેડા	સરવણ	ચવાણા	
૨૧	જાંબુવા	રામગઢ	ગજરિયા	
૨૨	અગણોદ	કલૈયા	ડોડિયા	ધામણોત
૨૩	ઉદેપુર	વડીયા	મુસાડિયા	
૨૪	નરખેડા	મેલાણા	કપડવાલિયા	કપડવંજ
૨૫	ઉજ્જૈન	નજરપુર	ઉપેરિયા	ઉપેરા
૨૬	સાંજાપુર	બોળાઈ	નાયકા	નાવ ગામ
૨૭	ધાર	તરલા	આંજેતરિયા	માતર
૨૮	સુંદરશી	લડાવદ	ગોરધનિયા	ગોરાઘુમા
૨૯	સલાણા	કરણાઈ	દાણી	સલ
૩૦	વડનગર	ગજનીખેડી	ખેર	
૩૧	રતલામ	આંબોદિયા	માલધારીયા	
૩૨	રતલામ	મઉ	હેમાળા	પાંચોટ
૩૩	રતલામ	રેણ	જાગોદરા	જગુદણ
૩૪	રતલામ	સુતરેડી	ડેરિયા	
૩૫	સાજાપુર	ધારખેડી	મોડાસીયા	મોડાસા
૩૬	મૈન્દસૂર	લખમાખેડી	રૂપાણીયા	રૂપાવટી
૩૭	જાંબુવા	રાયપુર	ધંધાવત	સોજીંત્રા
૩૮		કોટડી	ડોડિયા	ધંધુકાથી
૩૯		રાવઠી	ડોડિયા	ધંધુકાથી
૪૦	ભોપાલ	રામપુર	ચંદાવત	ચંદ્રાસણ
૪૧	મલારગઢ	પાયરી	ધામેતરિયા	ધમાસણ
૪૨	મેમદપુર	અચીના	રૂપેણિયા	રૂવાટિયા
૪૩	મેમદપુર	મણાસણ	રાવતિયા	
૪૪	ઉજ્જૈન	મંડોદા	રાવત	
૪૫	સલાણા	ડેબણ	વણોદિયા	ચમારા
૪૬	ધાર	વડોદિયા	હોથી કે હાથી	
૪૭		ગોભિયા	ભૂટક	ગુજરાતની શાખ લખાયત છે
૪૮	જાવરા	ઉબરવાળુ	ભૂત	
૪૯	ટાંક	લછોડિયા	ડીંગુચિયા	ડીંગુચા
૫૦	દેપાલપુર	લઢારિયા	અપરંગા	ચાણસ્મા
૫૧	રતલામ	બંબોરિ	પરમાર	
૫૨	ખાચરોજ	આઈઉ	રાણાવત	રણાસણ
૫૩	જાબુંવા	ઉબરવાડુ	ભાલાવત	બાવળા
૫૪	રતલામ	જાંબડુ	કુમરરિયા	સિધ્ધપુર
૫૫	ઉજ્જૈન	ગોપીપુર	કણસાગરા	કરણસાગર
૫૬	જાવરા	ગરાડિયું	ભગત	કઠલાલ
૫૭	રતલામ	દંતોડિયા	બરછિયા	
૫૮	જાંબુવા	સારંગી	ગોળિયા	કપડવંજ
૫૯	રતલામ	માંગરોળ	વિઠોડિયા	વિઠ્ઠલાપુર
૬૦	રતલામ	સલાણા	લાડવા	લાડોલ
૬૧	રતલામ	બદનારુ	અંજા	
૬૨	રતલામ	પીંપળખેડા	ભાલાવત	વસઈ
૬૩	ઉજ્જૈન	કાઈકા	રૂપાયલા	રૂપાલ
૬૪	સાંજાપુર	રંઘમપર	ડઢાણિયા	ડઢાણા
૬૫	વડનગર	વડગામ	વણોલિયા	વણોદ
૬૬		પીરજલાર	સોલિયા	સોલા
૬૭	ધાર	ઢોલાણું	ચિડ	

૬૮	રતલામ	બીરમાવલ	ભીમાવત	સોજીત્રા
૬૯	રતલામ	માંગરોલા	બસોતરા	બદરાસણ
૭૦	ઉજ્જૈન	માકરુણ	વડિયા	પાલોદરા
૭૧	સાંજાપુર	અભેપુર	ભૂત	ખેરવા

બારોટના ચોપડા ઉપર નીચેની નોંધ મળે છે.

(૧)જીલ્લા નરેખાડના ગામ સરવણના ચવાણો - મૂળ ઉજ્જૈનથી કાયથે વસ્યા. ત્યાંથી ખડી ગામે ત્યાંથી ગટલા ગામે વસ્યા. આ ગામે મકાતીપણું (મુખીપણું) કર્યું ત્યાંથી સુવાસી વસ્યા. આ ગામે તેઓ સતીમાતા અને ભેરુજી (ભૈરવ) ને પુંજે છે આ ચવાણ શાખના ભેરૂજી ગામ અલોટમાં છે. ખજુરીના થડ નીચે ડેરી છે જ્યારે સતીમાતા (સિકોતર) કાયથા ગામે છે.

(૨) જી. ઉદેપુર (રાજેસ્થાન) ગામ વડીયાવાના મુસાળિયા (મોસાળમાં રહેતાં હોવાથી) ઓ વડીઆ ગામ ચંબલ નદી ઉપર બનેલ ગાંધીસાગરને ડેમને કારણે ગામ ખાલી કરીને જતા રહ્યા છે. આ ગાંધીસાગર ડેમમાં કડવા પાટીદારના ૩૦ગામો ડુબમાં ગયા છે. તેમને સરકારે બીજે વસાવ્યા છે.

(૩) જી. ઉજ્જૈન ગામ નજપુર શાખે ઉપેરિયાના પટેલ કાળુજી ભેરાજીનો પરિવાર રણાદુ, જરોદિયા અને ઉમરોદમાં વસે છે. આ બધા ઈટાવા ગામેથી ઉજ્જૈન વસ્યા. ત્યાંથી નજપુરમાં વસ્યા છે. ઉજ્જૈનમાં એમના બે જુજાર (પાળિયા) છે. ધાડ પડી તેમાં તે માર્યા ગયેલા.

(૪) જી. સાંજાપુર ગામ બોળાઈ શાખે નાયક અજાવત તથા બંદી છોડ ગુજરાતના નવા ગામ નાયકા (ધોળકા)ના છે. આ બોળાઈ ગામ પહેલા માળી લોકોનું હતું પછી ત્યાં કણબી વસ્યા. વિ. સં. ૧૦૫૨ની સાલમાં શામળદાસ પટેલ આ ગામે વસ્યા આ ગામ તેમણે રૂા. ૧૦૫૦/- આપીને ઈજારે (જાગીરેથીગામનો પટ્ટો રાખ્યો) રાખ્યું. આજુબાજુના નાના નાના બાર ગામ ભાંગીને એક ગામ બનાવી એ બોળાઈને નવેસરથી શામળદાસે વિ. સં. ૧૦૫૨માં વસાવ્યું

(૫) જી. જાંબુવા ગામ ઉબરવાડાના ભાલાવત મૂળ બાવળા ગામના છે. મૂળે ગુજરાતથી રામભાઈ અને ભીમદા નીકળેલા તેઓ પહેલા ગુજરાતમાંથી નીકળી વિ.સં. ૧૧૫૨માં ખરસોદ ગામ વસ્યા. ખરસોદથી ભાટખેડી રહ્યા ત્યાંથી ખોરાણે વસ્યા. વળી પાછા હથનારે જઈને વસ્યાં. ત્યાથી ઉબરવાડે તેમના વંશ જ ભીમાજી વસ્યા. તો તેમના ભાઈ ભેરૂજી ખોરાણ ગામે વસ્યા. તેમના એક ભાઈ જવાશે જઈને વસ્યા. ગુજરાતમાંથી તેઓ નીકળ્યા ત્યાંથી સદાવત આપતા નીકળ્યા હતા. તેમના સતીમાં ગુજરાતમાં છે. આ સતીમાનું નામ કાશીબાઈ છે. સતીમાના માનમાં તેઓ પુનમના દિવસે દુધ મેળવતા કે વેચતાં નથી.

(૬) જી. ઉજ્જૈન ગોપીપુર ગામના કણસાગરાઓના ભાઈઓ સૌરાષ્ટ્રમાં અને મહેસાણા પાસેના મંડાલી ગામે રહે છે.

(૭) પીરજલાર ગામના સોલિયાઓની ગુજરાતની મૂળ શાખા પ્રાંણ (પ્રાન) છે. પીરજલાર ગામમાં મથુરલાલજી અને હીરાલાલજી નામના ભાઈઓને વિ. સં. ૧૯૮૩માં પટલાઈને કારણે ૮૫ (પંચાસી) વિઘા જમીન મળી છે. તેમને આ પટલાઈ રૂા. ૭૫૫/- ના બદલામાં મળી હતી. એ પરગણાના ઠાકોર પેલાદસંગ (પ્રહલાદસંગ)ના વખતમાં સરકારે રૂા. ૭૫૫માં આ જાગીરી આપી હતી. ગામ પીજરલમાં વિ.સં. ૧૯૭૯ની સાલમાં મથુરલાલજીને ખેડૂત હક્કમાં ગામથી ઉગમણી બાજુએ ૨૫૧ (બસોને એકાવન) વિઘા જમીન ઝાડી - ઝાખરા બાવળ કાપીને બધા હક્કો સાથે મળી હતી.

(૮) ધાર જીલ્લાના ઢોલાણા ગામે ચિડ શાખના પાટીદારો ગુજરાતમાંથી નીકળીને સાંજાપુરમાં વસ્યા છે. ત્યાંથી જલોદિયા આવ્યા, અને જલોદિયાથી ઢોલાણી ગામે વસ્યા છે.

(૯) જીલ્લા રતલામ ગામ બીરમાવલના ભીમાવત ગુજરાતના સોજીત્રા ગામેથી પટેલ ધરમદાસ વિ.સં. ૧૧૯૫ની સાલમાં નીકળ્યા છે. તેઓ ગુજરાતમાંથી નીકળી સહું પ્રથમ ઉજ્જૈન વસ્યા, ત્યાંથી રંઘભમર ગામે વસ્યા. ત્યાંથી ગાજણોદ વસ્યા અને વિ.સં.૧૨૦૫ની સાલમાં પટેલ ગોવરધનદાસ બીરમાવલમાં વસ્યા છે.

(૧૦) જીલ્લા ઉજ્જૈનના ગામ માકરૂણ શાખે વડિયાના પૂર્વજો ગામ પાલોદરથી વિ.સં. ૯૦૨માં નીકળ્યા હતા. ગુજરાતમાંથી બાલચંદ, આત્મારામ અને જીવણદાસ પાલોદર ગામેથી નીકળીને ઉજ્જૈન વસ્યા, ઉજ્જૈન પાસે ખેડે વસ્યા. ઉજ્જૈન ખેડામાં તળાવ ખોદાવ્યું. ખેડેથી વિ. સં. ૧૪૩૫ માકરલો ગામે આવીને વસ્યા છે.

(લાલજીભાઈ કાનજીભાઈ નાયક - મધ્યપ્રદેશના પાટીદારોના બારોટ છે. લાલજીભાઈના બે દિકરા નટુભાઈ અને વાસુદેવભાઈના વહીવંચાના ચોપડા ઉપરથી)

ડૉ. અમૃત પટેલ



પાટીદાર સંતો અને સુરાપુરાઓ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

સંતશ્રી આંબા ભગતનું જીવન ચરિત્ર



પરમ પૂજ્ય સંતશ્રી આંબાભગતનું જીવન ચરિત્ર જામનગર જીલ્લાના મોમાઈ મેડી ગામે ઈ.સ. ૧૮૬૪ ને ફાગણ સુદ પુનમની વહેલી સવારે પિતાશ્રી જીવરાજબાપા ભાલોડીયા અને માતૃશ્રી વિરૂબાની કુખે પુત્રનો જન્મ થયો તે સંતશ્રી આંબાભગત તરીકે ઓળખાયા. સંતશ્રી આંબાભગત નાના બાળ હતા. તેમના પિતાશ્રી જીવરાજબાપા ભાલોડીયા તે મેડી ગામે રહેતા. તેમનું ગુજરાન ચલાવતા હતા. તેમની આર્થિક સ્થિતી નબળી હતી. ત્યારે જીવરાજબાપા-વિરૂમા બંને મેડી ગામે મજુરી કામ કરતા અને તેમના પુત્રનો ઉછેર કરતા એને આંબાના નામથી દરરોજ બોલાવતા. તેમની ઉપર દરરોજ સાંજે મજુરી કામેથી આવે ત્યારે માથા ઉપર હાથ મુકીને જમાડતા. આવો મા-બાપનો પ્રેમ હતો. અને ધીમે ધીમે સંતશ્રી આંબાભગત મોટા થયા પણ નાનપણથી જ ભક્તિ તેમના જીવનમાં હતી. પછી તો મોટા થયા તેમના પિતાશ્રી સાથે મજુરી કરવા લાગ્યા અને સંતશ્રી આંબાભગતનું દિલ કોમળ હતું. બીજાનું દુઃખ જોતા પોતે દુઃખી થતા. પછી મોમાઈ મેડી ગામે દુષ્કાળ પડયો. ગામમાં મજુરી કામ ચાલતું નહોતું. પછી તો મજુરી કામ કરવા માટે મોરબી તાલુકાના ચાચાપર ગામે ગયા. ચાચાપરમાં તેમના પરિવારનાં ભાલોડીયા કુટુંબના ઘર હતા. પછી તો ચાચાપરમાં કામ કરતા હતા. આનંદથી-સુખેથી રહેતા હતા. તે સમયમાં તેમના પરિવારમાં મહેમાન આવ્યા. ધ્રોલ તાલુકાના નથુવડલા ગામથી પોપટબાપા ભાલોડીયા. તે ચાચાપરમાં બે-ત્રણ દિવસ ભાલોડીયા પરિવારમાં રોકાયા અને મહેમાનગતિ કરી પછી રોજ આંબાભગતના પિતાશ્રી જીવરાજબાપા સાથે બેસતા. પોપટબાપા એ વાત કરી કે જીવરાજભાઈ તારો દિકરો આવો તો કામારો છે. તો મારે સાથી રાખવાની જરૂર છે. તો આંબાને મારે મારી સાથે નથવડલા લઈ જવો છે. પછી જીવરાજબાપાએ આંબાભગતને પુછ્યુ તારે નથુવડલા જવું છે ? પછી એક મહીના પછી આંબાભગત નથુવડલા આવ્યા અને પોપટભાઈ હકાભાઈ ભાલોડીયાને ત્યાં સાથી રહ્યા. ધીમે ધીમે ખેતીકામ કરે. દરરોજ હરી ભક્તિ કરે. એવું આંબાભગતનું જીવન હતું. કોઈકના દુઃખે દુઃખી અને કોઈકના સુખે સુખી. ખેતી કામ કરતા કરતા ઘણી વખત ઘણા જીવજંતુ મર્યા અને આંબાભગતને દિલમાં આંચકો આવતો. આ ખેતી કામમાં ઘણી વખત જીવજંતુ તો મરે જ. તેમાં સાતી હાંકતા-હાંકતા બે ત્રણ જીવ મર્યા પછી સાતીને છોડીને દીધું. ધ્રોલ ગામે આવ્યા, ધ્રોલમાં નરસંગ ભગવાનનું મંદિર હતું. તેમાં કલ્યાણ ભગત સેવા કરતા. તે મંદિરે આવીને મંદિરમાં નિરાશ થઈને બેઠા હતા. કલ્યાણ ભગત આવ્યા અને આંબાભગતને નિરાશ થતા જોયા પછી તો આંબાભગતને પૂછયું કે હે ભાઈ તુ ક્યાંથી આવ્યો છો. કલ્યાણ ભગત અને આંબાભગતને વાતચીત કરતા બંનેના મન એક થયા પછી આંબાભગતે વાત કરી.

હે મહાત્મા મને ચેન મળતું નથી. હું ખેતીકામ કરૂં છું. મારાથી અનેક વખત જીવજંતુ મર્યા છે. તો આ પાપમાંથી ક્યારે હું છુટીશ ? તે દુઃખી થતા થતા કલ્યાણ ભગતની ગોદમાં માથું મુકી દીધું. આંબાભગતના માથા ઉપર કલ્યાણ ભગતે હાથ મુક્યો અને આશિર્વાદ આપ્યા, ત્યારથી સંતશ્રી આંબાભગતની

ચેતના જાગૃત થઈ અને પાપનો સ્વીકાર કર્યો અને કલ્યાણ ભગતને ગુરૂ તરીકે સ્વીકાર કર્યો. ત્યાંથી ભગત આંબા કલ્યાણજી તરીકે નામ ધારણ કર્યું. ગુરૂના આશિર્વાદ લઈને સંતશ્રી આંબાભગત ત્યાંથી નીકળી ગયા. તેમની ઉપર હનુમાનજીની પ્રેરણા થઈ. અંતે રસનાળ ગામે આવ્યા, મઢુલી બનાવીને ભકિત કરવા લાગ્યા. તે સમયગાળામાં તેમના પિતાશ્રી જીવરાજબાપા ચાચાપર ગામે રહેતા હતા. તેમનું અવસાન થયું તે પછી તો આબાંભગતે પિતાશ્રીની છત્રછાંયા ગુમાવી. તેમની ઉતરક્રિયા કરીને માતૃશ્રીને લઈને તિર્થમાં નીકળી ગયા. પછી બધી જગ્યાએ દર્શન કરતા-કરતા પરબવાવડી આવ્યા. પછી તો સંતશ્રી આંબાભગતના માતૃશ્રીએ કીધુ કે આપણે રસનાળ જાવું છે. ત્યારે માં ના આદેશથી રસનાળ આવ્યા. રસનાળમાં રહેવા લાગ્યા. ભકિત કરતા-કરતા રાત્રે અચાનક સંતશ્રી આંબાભગતને હનુમાનજી સ્વપ્નમાં આવ્યા. જેવો હનુમાનજીદાદાનો હુકમ થયો કે આ જગ્યામાં ખોદકામ કરો હું બહાર આવીશ. સંતશ્રી આંબાભગતે રસનાળ ગામના ભાઈઓને એકઠા કર્યા. બધી વાત કરી અને ખોદકામ કર્યું. હનુમાનજી મુર્તિ સ્વરૂપે પ્રગટ થયા અને ખોદકામ કરવાવાળા વ્યકિતઓ હનુમાનદાદાની મુર્તિને ઉપાડવા લાગ્યા, પણ કોઈથી મુર્તિ ઉપડતી નહોતી. બધાએ પ્રાર્થના કરી અને સંતશ્રી આંબાભગતેએ હનુમાનદાદાને ઉપાડયા તો હળવાફુલની જેમ ઉપાડી લીધા. ત્યારથી કુલીયાહનુમાનજીના નામથી ઓળખાયા. હનુમાનદાદાની સેવા પૂજા થવા લાગી. સમય જતા સંતશ્રી આંબાભગત અવાર નવાર બધી જગ્યાએ કુંભ મેળો, જૂનાગઢનાં મેળામાં જવા લાગ્યા પછી તો મહાન સંતો-ભગતો સાથે બેસતા, બધી જગ્યાએ સંત આંબાભગતની નામના નીકળતી. રસનાળ આવ્યા ત્યાં તો મહાન સંતો-ભગતો સાથે બેસતા, બધી જગ્યાએ સંત આંબાભગતની નામના નીકળતી. રસનાળ આવ્યા ત્યાં તો તેમના માતૃશ્રીની છત્રછાંયા ગુમાવી, તેમના માતૃશ્રીનું અવસાન થયું. તે બધા કાર્ય કરીને પોતે પછી હરિદ્વાર કુંભ મેળામાં ગયા અને ત્યાં ઘણા મહાન સંતો ભગતો સાથે બેસતા હતા. તે જ સમયે ધ્રોલ ઠાકોર સંતોના દર્શન કરવા હરિદ્વાર કુંભ મેળામાં ફરતા હતા. ત્યાં અમુક સંતીએ ઠાકોરને વાત કરી. સાહેબ આપણુ કયું ગામ ? ધ્રોલ હાકોરે કહ્યું મારૂં ગામ ધ્રોલ છે. તેમાં એવો અવાજ આવ્યો કે આ આંબાકલ્યાણ ભગતનું ધ્રોલ આ વાત સાંભળતા ધ્રોલ ઠાકોર વિચારમાં પડી ગયા કે તો મારે આ ભગતના દર્શન કરવા પડશે. ત્યાં ધ્રોલ ઠાકોર અને સંતશ્રી આંબાભગત ભેગા જાય છે. આંબાભગત શ્રોલ ઠાકોરને કહે છે કે નરસંગ ભગવાનનું મંદિર છે. તે મારૂ ગુરૂસ્થાન છે. કલ્યાણ ભગત મારા ગુર છે. પછી તો ધ્રોલ ઠાકોરે વાત કરી ઘોલ આવ્યા પછી ધ્રોલ ઠાકોરે દરબારગઢની બાજુમાં જગ્યા આપી. ત્યાં ધ્રોલ ઠાકોરના આદેશથી ભગત આંબા કલ્યાણની જગ્યા કહેવાણી.

પછી તો સંતો-ભગતોના આશિર્વાદથી જગ્યામાં તુલસી વિવાહનો પ્રસંગ ઉજવ્યો. તે સમયે બાવન ગામની નાતને આમંત્રણ આપ્યું. ત્યાંથી ધીમે-ધીમે બાવન ગામના પટેલો આવવા લાગ્યા. પછી તો નરસંગ ભગવાન શ્રી રામ દરબારનું શિખરબંધ મંદિર બંધાવ્યું. તે સમય ઉપર સાઘન વાહનની વ્યવસ્થા નહોતી. પછી આજુ-બાજુ ગામના તથા બધા પટેલીયાઓ ચાલીને એકબીજા ગામ જતા. રાત્રી રોકાણ ધ્રોલ જગ્યામાં કરવા લાગ્યા. પછી તો બધા ગામમાં આંબાભગતની જગ્યાની પ્રખ્યાતી થવા લાગી. બધા પટેલીયાઓ એ આંબાભગતને સાથે આપ્યો. બધા આગેવાનો આવ્યા, શ્રી સમચંદ્ર ભગવાનના મંદિરનો જીર્ણોદધાર કર્યો. મંદિરમાં શ્રીરામ ભગવાનની સ્થાપના કરી. ઓટાળા નિવાસી શ્રી મોતીભાઈ મનજીભાઈ દેસાઈના વરદ હસ્તે જીર્ણોધ્ધાર કર્યો હતો. પછી તો બધા પટેલીયાઓએ સંતશ્રી આંબાભગતને વાત કરી કે આપણે દર વર્ષે શિવરાત્રી મેળામાં જૂનાગઢ હરિહર કરવવા માટે જાવું છે. રાવટીમાં જવાનું ચાલુ થયું. ધ્રોલ જગ્યામાં અન્નક્ષેત્ર ચાલુ કરવામાં આવ્યું. સાધુ-સંતો બધા પટેલીયા રાત્રી રોકાણ કરતા પ્રભુ ભજન કરતા પછી બાવન ગામમાં ટેલ ચાલુ કરી અને આંબાભગતની સુવાસ વધતી ચાલી. સંવત ૧૯૬૨ માં રાજકોટમાં જગ્યા લીધી પછી સંવત ૧૯૬૫ માં જોડીયામાં જગ્યા લીધી. પછી જૂનાગઢમાં ઉતારા માટે સવંત ૧૯૭૪ આસો સુદ બીજને સોમવારે ગીરનાર દરવાજાની બાજુમાં મૈયારામ આશ્રમની બાજુમાં જગ્યા લીધી હતી. તે જગ્યામાં સંતશ્રી આંબાભગતના સાથીદાર શિષ્ય તરીકે નથુવડલા નિવાસી ચીકાણી મેઘજીબાપા ભગત હતા. તથા આંબાબાપાનાં અન્ય શિષ્યોમાં જસમતબાપા ભાલોડીયા પણ હતા. આંબાબાપાની સંસ્થાઓમાં એમના પરમ સેવક એવા સ્વ. આણંદભાઈ ધરમશીભાઈ ગડારા તથા સ્વ. વાલજીભાઈ બારિયાએ સંસ્થાઓમાં અનેક સેવાઓનું યોગદાન કરેલ છે. આંબાબાપાની સંસ્થાઓમાં નિઃસ્વાર્થ ભાવે


લોકસેવાઓનું કામ કરે છે. અને અન્નક્ષેત્ર તથા ઉતારાની સેવાની જયોત આજપણ પ્રજવલીત રાખી છે. બાપાના આશ્રમોનાં સેવકોમાં ચકુભાઈ સંતોકી તથા હેમરાજભાઈ તથા મોતીબાપા બોડા તથા ઘેટીયા પરસોતમબાપાએ આંબાબાપાની સંસ્થાઓમાં સેવાનાં અનેક કામો કર્યા છે. તે જોડાયા પછી તો ધીમે ધીમે જગ્યા ચલાવતા સંતશ્રી આંબાભગત અને મેઘજીભગત બંને ગાયોની સેવા કરતા. ભોજન ભજનને પ્રાધાન્ય આપતા રહ્યા. તે સમય ઉપર ધ્રોલની બાજુમાં માવાપર ગામે જગ્યા જમીન હતી. ગાયોની નીરણ, વાવેતર માવાપરની જમીનમાં થતું હતું. તે જમીન શ્રી રામજીભાઈ હીરાભાઈ ગોપાણીએ આપેલ હતી. તે જમીન ઘણા વર્ષો થયા પછી સમય જતા જગ્યાની સેવા વધતી ગઈ. સને ૧૯૪૮ ફાગણ મહિનામાં પુનમની રાત્રે ૮૪ વર્ષની ઉમરે આંબાભગતે સ્વધામ ગમન કર્યુ. ત્યારબાદ બાવન ગામના પટેલો ભેગા થયા અને મેઘજીબાપા ભગતની હાજરી હતી. સંતશ્રી આંબાભગતનો ભંડારો કર્યો ત્યારે ધ્રોલ ગામ ધુવાણાબંધ બાવન ગામના પટેલોય આવ્યા. આ ભંડારાનો પ્રસંગ દિપાવ્યો ત્યારે એવું બન્યું હતું પ્રસાદ સુખડી ગમે તેટલા માણસો પ્રસાદ લેવા છતા ખુટતો નહોતો. ગામડે-ગામડે પ્રસાદ મોકલ્યો હતો.


જૂનાગઢમાં શિવરાત્રીના મેળામાં ધ્રોલ જગ્યાની રાવટીઓ આંબાબાપાના અનુયાયીઓ દ્વારા ચાલુ રાખવામાં આવી.

સમય જતા સૌ આગેવાનોએ સંતશ્રી આંબાભગતની આરસની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે અનેક ગામોએ હાજરી આપી. પાંચ હજાર જેટલા ભાવિકોએ પ્રસાદી લીધેલ. સમાજનાં આગેવાનો દ્વારા જૂનાગઢ આંબાભગતની જગ્યા કડવા પાટીદાર પરિવારના અનેક આગેવાનોને વિચાર આવ્યો કે ભગત આંબાબાપાના નામથી દ્વારીકામાં પટેલ સમાજવાડી બનાવવી. દ્વારકામાં જમીન લીધી અને બાપાનાં સેવકો, શ્રધ્ધાળુઓ દ્વારા લાખો રૂપિયાનું દાન આવ્યું અને દ્વારકામાં તા. ૫/૨/૨૦૧૭ ના રોજ સંતશ્રી આંબાભગતની જગ્યા કડવા પાટીદારનું લોકાર્પણ કર્યું. આમ આ સમારંભ બે દિવસ ચાલ્યો અને પંદરેક હજાર શ્રધ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કર્યો. આ સદ્કાર્યમાં અનેક રાજકીય, સામાજીક, ખેડુતોએ પોતાનું યોગદાન આપી સહકાર આપેલ છે. આંબાબાપાના ત્રણ આશ્રમો ધ્રોલ, જૂનાગઢ અને દ્વારકા માં આવેલા છે.

પાટીદાર છત્રોલા રૂડાબાપાની ખાભી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો





વિ.સં. ૬૫૩ ની સાલમાં ગામ ઊંઝાથી પરિવારો સ્થળાંતર થઈ કડી પાસેનાં છત્રાલા ગામે વસ્યા ત્યાર બાદ મકન બાપા રાજકોટ પરગણાનાં પડધરી પાસેનાં ઉકરડા ગામે વસ્યા. આ પરિવારમાં રૂડાબાપાનો જન્મ થયેલો. રૂડાબાપા ખૂબક હિંમતવાન હતા. એક વખત આ ઉકરડા ગામે બહારવટીયા ઓ લુટ, ચોરી કરવા આવ્યા ત્યારે રૂડાબાપા તથા તેમના મામા ખોડાબાપા બહાર વટીયાઓ સામે ધીંગાણે ચડયા બહારવટીયા ઓ ગાયોને લઈ જતા હતા આમ ગાયો બચાવવા ગામને લુટાતુ બચાવવા મામા, ભાણેજ હાથમાં હથિયારો લઈ બહારવટીયા સામે રણમેદાનમાં ધીંગાણે ચડયા ઘણા બહારવટીયાઓને માર્યા અને રૂડા બાપાનું મસ્તક બહારવટીયાઓએ કાપી નાખ્યું રૂડા બાપાનું મસ્તક ઉકરડા ગામમાં સામે ઝાંપે પડેલ અને ધડ ઝાંપાની અંદર પડેલ આમ મામા ભાણેજ ગાયો અને ગામ બચાવવા શહિદી વહોરેલ મામા ખોડાબાપાનું ધડ લડના લડતા ઉકરડા ગામથી સાતગાઉ અડબાલકા ગામે પડેલ.

"કાથાજાજો સાબદી નાક મ જાજો નખ
પાણી ન જાજો પાવળુ લોહી ભલે જાય લખ"

નોંધ : આ શુરવીરતાની ઘટના વિ.સં. ૧૭૮૫થી ૧૭૯૦ની આસપાસ બનેલી છે મકન બાપામાં વારસદારો પૂજન કરે છે.



દેવરાજભાઈ કરડાણી

શેઠશ્રી મફતલાલ ગગલદાસ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



શેઠશ્રી મફતલાલ ગગલદાસ

ગુજરાતની પવિત્ર ધરતીએ અનેક મહામાનવોને જન્મ આપ્યો છે. તેમાનું એક નામ શેઠશ્રી મફતલાલ ગગલદાસનું છે. એ એક એવું રત્ન છે જેની ચમક આજે પણ ઔધોગિક જગતમાં અને સમાજસેવાના ક્ષેત્રમાં ઝળકે છે. તેમનું જીવન એક સાધારણ પુત્રથી શરૂ થઈ ભારતના અગ્રગણ્ય ઉધોગપતિ અને દાનવીર તરીકે લોક જીભે આજીવન લેવાશે. તેમના જીવનની ઊંડાણભરી વિગતો, સંર્ધષ, સફળતાઓ અને સમાજ પ્રત્યેના અપાર પ્રેમની ગાથા રજુ કરે છે. તેમના જીવનનું દરેક પગલું એક સામાન્ય માણસની અસાધારણ યાત્રાનું પ્રતીક છે. જે કડવા પાટીદાર જ્ઞાતિ અને આખા ભારતદેશ માટે ગૌરવની વાત છે. મફતલાલનો વિકાસક્રમ આપડા બધા માટેવ પ્રેરણારૂપ રહ્યો છે.

જન્મ અને બાળપણ :

તારીખ ૨૨ જૂન ૧૮૭૩માં ગગલદાસના ત્યાં જન્મેલા બાળકનું નામ મફતલાલ પાડવામાં આવેલું છે. તેઓનું ઘર આજે પણ દરિયાપુર વિસ્તારમાં વાડીગામની સામે આવેલી રૂપાપરી નામની નાની પોળમાં આવેલું છે. તેમના પિતા ગગલદાસ જાતે કાપડ વણીને કાપડનું પોટલુ પોતાના ખભા ઉપર ઉચકીને પગપાળા પોળે પોળે ફરીને વેચાણ કરતા અને પરિવારનું ગુજરાત ચલાવતા હતા. આવી સાદગીભરી, પરંતુ મહેનતની મહેકથી ભરેલી જીલનશૈલી વચ્ચે બાળક મફતલાલનું બાળપણ વીત્યું માત્ર ૧૩ વર્ષની નાના ઉંમરે તેઓ પણ પિતાની સાથે અમદાવાદની પોળોમાં સાંકડી ગલીઓમાં ખભા ઉપર કાપડનું પોટલુ ઉચકીને પિતાને કાપડના વેચાણમાં મદદ કરતા તે તેમની પ્રથમ પાઠશાળા બની મફતલાલનું શિક્ષણ માત્ર ૭ સુધીજ થયેલું. પરંતુ અંગ્રેજી શાસનના સમયમાં તેઓએ પરદેશી ભાષાને જરૂરી બોલતા અને વાંચવાની કુશળતાં હાંસલ કરી જે તે સમયે એક મોટી સિધ્ધિ ગણાતી હતી. ઔપચારિક શિક્ષણનો અભાવ હોવા છતાં તેઓની વ્યવસાયિક સૂઝ અને બુદ્ધિ અસાધારણ હતી. કહીએ તો આ બાળકની આંખોમાં સપનાં હતા અને હૃદયમાં એ સપનાંને સાકાર કરવા માટેની અદમ્ય ઈચ્છા શકતી હતી આટલી નાની ઉમરે જ તેમનામાં પુરુષોથના બીજ રોપાયા, જે આગળ જઈને એક વિશાળ વટવૃક્ષ બન્યુ. પિતાના કામમાં મદદરૂપ થવા માટે તેઓએ શાળનો અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો. ઘરની આર્થિક સ્થિતિને ટેકો આપવા અને કાપડના ઉત્પાદનનું વધુ જ્ઞાન મેળવવા માટે તેઓ મિલની નોકરીમાં પણ જોડાયા અને કાપડના ઉત્પાદનનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. આ દ્વિવિધ સંઘર્ષમાં કાર્ય પ્રત્યેની નિષ્ઠા સ્પષ્ટ દેખાતી હતી.

મહેનતની મહેક :

મફતલાલની ઉદ્યોગિક સફરનો આરંભ એક સાધારણ ફેરી કરવા વાળા તરીખે થયો.ખભે કાપડનું પોટલું ઉચકીને,પિતા ગગલદાસની સાથે અમદાવાદની પોળોમાં ફરવું તે તેમનો પ્રથમ વ્યવસાયિક પ્રારંભ હતો.આખો દિવસ મહેનત કરી માંડ ખાવા જેટલું મળે તેમ છતાં તેમના હૃદયમાં આશા અને હિંમતનો દીવો પ્રજવલિત હતો.તેઓ ભવિષ્યના સપના ગૂંથતા.આ સાદગી ભર્યું જીવન, જેમાં દરેક પગલે સંઘષૅ હતો, તે તેમની અદમ્ય ઈચ્છાશકિતનું પ્રતિક બન્યું.

મિલમાં નોકરી :

મફતલાલે ટેક્ષટાઈલની મિલમાં કારકુન તરીખેની નોકરી સ્વીકારી અને મિલની દરેક બાબતોનો બારીકાઈથી અભ્યાસ કર્યો. તેમની પ્રમાણીકતા, કાયૅક્ષમતા અને નિષ્ઠાએ તેમના જીવનની નવી દિશા ખોલવામાં સહાય કરી. ખરેખર તેમનું મન એક ખેતર સમાન હતું અને તેઓનું ૩૧ મું વષૅ જીવનનું ટર્નિંગ પોઈન્ટ બની ગયું.

નવી દિશાનો સૂર્યોદય :

મફતલાલના મિત્ર ચંદુલાલ અચરતલાલ મહાદેવિયાએ રૂપીયા સાડા ત્રણ લાખનું રોકાણ કર્યું અને લેક્શાયરમાં જન્મેલા કોલિન્સન શોરોક નામના અંગ્રેજ જે કાપડના ઉત્પાદાનની



મફતલાલ, ચંદુલાલ અચરતલાલ મહાદેવિયા, કોલિન્સન શોરોક



મફતલાલ ગ્રુપના સ્થાપક મફતલાલ ગગલભાઈની સ્મૃતિમાં વીવિંગ વિભાગ, શોરોક મિલ્સ, અમદાવાદ તરફથી કર્મચારીઓને અપાયેલ સ્મૃતિચિહ્ન.

મશીનરીના જાણકાર હતા તે ત્રણેએ મલી ભાગીદારીમાં અમદાવાદમાં સને ૧૯૦૫ની સાલમાં શોરોક સ્પિનિંગ અને વીવિંગ નામની કંપનીનું સંચાલન કાર્ય આરંભ્યું જે મફતલાલના સ્વપનાને સાતમાં આસમાને ઉડાન ભરવામાં સહાય રૂપ સાબિત થયું. અને સફળતાનો સોનેરી પાક લહેરાવાની શરૂઆત આરંભાઈ.તેઓએ મિલનો નફો વધારવાની નવી દિશાઓ શોધી કાઢી તેઓ એક સામાન્ય કારકુનમાંથી મિલના પાયાના સ્થંભ બની ગયા અને મફતલાલનું પ્રથમ સાહસ સફળ થયું.કાપડ ઉધોગના ઈતિહાસમાં મફતલાલ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ હતી, જેનાથી મફતલાલ ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે પાયો નંખાયો.

ઉદ્યોગનો વિસ્તાર :

એ સમયમાં ટેક્ષટાઈલ ઉધોગમાં તેજીની શરૂઆત થઈ અને કાપડમાં મોટા પ્રમાણમાં ઓર્ડર મલવા લાગ્યા.આ તકનો લાભ મફતલાલને પણ મલવા લાગ્યો, અને મફતલાલે એક પછી એક ટેક્ષટાઈલ મિલો સ્થાપવાની શરૂઆત કરી.મફતલાલનાનું કુટુંબ સને ૧૯૨૮માં અમદાવાદથી મુંબઈ શીફટ થયું અને તેમનું વહીવટી હેડકવાટર પણ અમદાવાદ થી મુંબઈ ખસેડયું. મફતલાલની સિધ્ધીઓએ તેમને ભારતમાં ત્રીજા ઉધૌગિક ગૃહનું સ્થાન અપાવ્યું. અને તે મફતલાલ ગ્રુપ તરીખે આખા ભારતમાં પ્રસિધ્ધી મેળવવામાં સફળ રહ્યું. સાથેસાથે તેઓના કુટુંબના સભ્યો તેમની અટક પટેલના બદલે મફતલાલ લખાવતા થયા.હવે આ હવે એક મોટા ગ્રુપ તરીખેનું સ્થાન મેળવી ચુક્યું હતુ.આ ગુપે બીજા ક્ષેત્રોના ઉત્પાદનમાં પણ ઝંપલાવ્યું અને



સફળતા હાંસલ કરી.તેમની આ સફળતા એક સામાન્ય માણસની અસારણ દૃષ્ટિ અને પુરષાર્થનું પરિણામ હતું.આ એક એવી ગાથા છે, જેમાં એક સામાન્ય યુવાને પોતાની મહેનતના દમ પર ન માત્ર પોતાનું નસીબ બદલ્યું પરંતુ દેશના ઔધોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખ્યો.

દાનવીરતા :

મફતલાલ ગગલદાસના તરફથી શિક્ષણના માટે અનેક સંસ્થાઓની સ્થાપના થયેલી છે.જે આજે પણ આખા દેશમાં ફેલાયેલી છે. આ સિવાય અનેક નામીઅનામી સંસ્થાનોમાં તેમનું નામ મોખળાના દાનવીરોમાં સુવૅણ અક્ષરે અંકાયેલું છે.

વ્યક્તિત્વ :

મફતલાલનું જીવન સાદગી ભર્યું હતું, તેઓનામાં ધનનો કોઈ અહંકાર નહતો, જે તમની નમતાનું પ્રતીક હતુ.

એક અમર ગાથા :

મફતલાલ ગગલદાસનું જીવન એક એવી ગાથા છે જે સાદગી, મહેનત અને સમાજ પ્રત્યેના પ્રેમની વાત કરે છે.તેમના વારસો તેમના પરિવાર અને સમાજસેવાના કાર્યો દ્વારા જીવંત એક એવી ગાથા છે.મફતલાલ ગગકાદાસ એક એવો દીવો હતા, જેની રોશનીએ ન તો માત્ર પોતાનું જીવન પ્રકાશિત કર્યું પરંતુ હજારો જીવનોને નવી દિશા અને દ્રષ્ટિ આપી.આવા વિરલ, સેવાભાવી અને પ્રતિભાસંપન ગાથા દરેક યુવાનને પ્રેરણા આપે છે, સપના જોવાની હિંમત હોય અને તેને સાકાર કરવાની મહેનત હોય તો કાળમાથાના માનવી માટે કોઈપણ મુશ્કેલી અજેય નથી.તેઓ તા. ૧૯-૦૭-૧૯૪૪ના રોજ સ્વેગવાસી થયા. ધન્ય છે તેઓની જનેતાને.

પારિવારિક સબંધ :

મફતલાલના લગ્ન દરિયાપુરના વાડીગામની હાથીસાની પોળના રહેવાસી કડવા પાટીદાર નાથાલાલ આસારામ વાળા, આસારામના દિકરી જીવકોર સાથે થયા હતા, તેઓના દિકરા શેઠશ્રી નવિનચંદ મફતલાલના લગ્ન કડવા પાટીદાર જ્ઞાતિના ખેડિયા અટકથી જાણીતા અને ડીસામાં બ્રિટીસ રાજ્ય વખતથી બટાકાની ખેતીના ઉધોગને પ્રોત્સાહીત કરનારા મોટા એક્ષપૉટર તથા અનેક એવોર્ડ વિનર શેઠશ્રી ઉમેદરામ જીવાભાના ભાઈ શેઠશ્રી કેશવલાલના દિકરી

વિજ્યાબેન સાથે થયેલા. અમદાવાદના શાહપુર વિસ્તારની ગોજારીયાની પોળમાં તેઓનું આવાસ સ્થાન આવેલ છે.

શેઠશ્રી અરવિંદભાઈ :

સને ૧૯૫૪માં શેઠશ્રી અરવિંદભાઈના નેતૃત્વ હેઠળ, કાપડ અને રસાયણ સહિતના વિવિધ વ્યવસાયોનો વિકાસ થયો હતો.તેઓ સને ૧૯૬૭ના વર્ષમાં સંત શ્રી રણછોડદાસજી મહારાજ ના સંપર્કમાં આવ્યા હતા અને પોતાનું જીવન સમાજ સેવાના કાર્ય કરવા માટે સમર્પિત કર્યું.તેઓએ મધ્ય પ્રદેશમાં આવેલા ચિત્રકુટ નામના સ્થાનમાં રહીને જીંદગીના બાકીના વર્ષો વિતાવેલા.

મફતભાઈ ના પ્રથમ દીકરા પ્રાણસુખલાલના પ્રથમ પત્ની શાંતાબેન ને કોઈ વારસદાર ન હોતા ત્યારે બીજા પત્ની ચંદનબેન થી વિજયભાઈ નામે એક પુત્ર હતો જ્યારે ત્રીજા પત્ની ગુણિયલબેન થી કશ્યપભાઈ તુષારભાઈ અને આદિત્યભાઈના મે ત્રણ પુત્રો હતા મફતભાઈ ના બીજા પુત્ર નવિનભાઈ ને ત્રણ દીકરાઓ હતા.

મફતભાઈ બીજા પુત્ર નવીનચંદ્રને વિજ્યાબેનને પાંચ સંતાનો હતા જેમાં પ્રથમ પુત્ર અરવિંદભાને સુશીલાબેન થી પદ્મનાભ, ઋષિકેશ, નામે બે પુત્રો અને મૈથિલી, ગાયત્રી અને માલવીકા નામની ત્રણ પુત્રી હતી. જ્યારે નવિનચંદ્રના બીજા પુત્ર યોગેન્દ્રભાઈ હતા તેમના પત્નીનું નામ માધરીબેન હતું તેમને અતુલ્ય ભાઈ નામે પુત્ર અને અર્પણા અને કુંન્તી નામે બે પુત્રીઓ હતી જ્યારે નવીનચંદ્રભાઈને રસેષભાઈ નામે ત્રીજા પુત્ર હતા તેમનને પ્રદિપ નામે પુત્ર અને શૈલજા અને અનુરાધા નામે બે પુત્રીઓ હતી. જ્યારે નવીનચંદ્રભાઈ અરૂંધતી નામે પુત્રી હતી જેમના લગ્ન બાલકૃષ્ણ હરીવલ્લભદાસ સાથે થયા હતા તેમને મૈત્રેયી નામે પુત્ર અને નિલીમા નામે પુત્રી હતી. જ્યારે નવીનચંદ્રભાઈના પાંચમાં સંતાન ઉષાબેન હતા. જેમના લગ્ન કુમુદભાઈ કૌશિકપ્રસાદ સાથે થયા હતા તેમને ગૌરાંગ અને આસુતોષ નામે બે પુત્ર હતા જ્યારે ભદ્રશીલા અને જયશ્રી નામે બે પુત્રી હતી. જ્યારે મફતલાલના ત્રીજા સંતાન ભગુભાઈના લગ્ન શારદાબેન સાથે થયા હતા તેમને હેમંતભાઈ એક પુત્ર હતો આ હેમંતભાઈના લગ્ન પન્નાબેન સાથે થયા હતાં અને તેમને મિહિર નામે એક પુત્ર અને રાધિકા અને શાલિની નામે બે પુત્રી હતી. આ ભગુભાઈને હેમનલીની ગાર્ગીબેન અને રોહિણી નામે ત્રણ પુત્રી હતી. જેમાં હેમનલીની બેનના લગ્ન નિયોગી કૌશિકપ્રસાદ મહાદેવિયા સાથે થયા હતા. તેમને કોઈ વારસદાર નથી જ્યારે ગાર્ગીબહેનના લગ્ન વિષ્ણુભાઈ ભોગીલાલ છગુભાઈ સાથે થયા હતા તેમજ રોહિણીબેનના લગ્ન શૈલેષભાઈ પ્રમુખલાલ મહાદેવિયા સાથે થયા હતા. મફતભાઈ ગગલદાસના આ વારસદારો આજે પોતપોતાના જુદા જુદા ધંધા રોજગાર સંભાળી રહ્યા છે જ્યારે મફતભાઈના ભાઈ મણીલાલને વિદ્યાબેન અને વસંતીબેન નામે બે પુત્રીઓ અને પ્રમુખલાલ નામે એક પુત્ર હતો મફતલાલની માતાનું નામ જમનાબેન હતું જ્યારે મફતલાલના લગ્ન જીવકોરબેન સાથે થયા હતા.





સરદાર વલ્લભભાઈનું સ્વાગત કરતા અને શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ સ્નાનાગારના ફોટા

<u>શેઠશ્રી મફતલાલ ગગલદાસ તરફથી અપાયેલ દાનની રકમમાંથી સ્થપાયેલ ખ્યાતનામ સંસ્થાઓની યાદી</u>

- શ્રી જમનાબાઈ સરસ્વતિ મંદિર, કડવાપોળ, દરિયાપુર, અમદાવાદ
- જીવકોરબેન મફતલાલ મહિલા મંદિર, પથ્થર કુવા, રીલિફ રોડ, અમદાવાદ
- મફતલાલ મફતલાલ ગગલદાસ સાયંન્સ કોલેજ, અમદાવાદ
- શ્રી જીવકોરબેન મફતલાલ ગગલદાસ ગૅલ્સ હોસ્ટેલ, ઊંઝા
- શ્રીજીવકોરબેન મફતલાલ ગૅલ્સ સ્કુલ, ઊંઝા
- શ્રીજીવકોરબેન મફતલાલ ગૅલ્સ પ્રાયમરિ સ્કુલ, ઊંઝા
- રાજ રત્ન શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વે વિદ્યૉલય હાઈસ્કુલ, કડી
- શ્રી ભગુભાઈ મફતલાલ પોલિટેકનિક, વિલે પાર્લે, મુંબઈ
- પ્રાણસુખલાલ મફતલાલ હિન્દુ સ્નાનાગાર એન્ડ બોટ કલબ, ચોપાટી, ચનીરોડ, બોમ્બે
- શ્રી વિઠ્ઠલ કન્યા કેળવણી મંડળ, નડિયાદ

આ સિવાય પણ કેટલાક દાન તેઓના તરફથી થયેલા છે.

શેઠશ્રી પ્રાણસુખભાઈ મફતલાલે કડવા પાટીદાર પરીષદનો પહેલો મહોત્સવ ૧૯૧૮માં યોજાયેલો તેમાં પ્રમુખનું સ્થાન શોભાવેલું.



પુંડરિક પટેલ, અમેરિકા

વિભાગ : ૫ આરોગ્ય : પહેલું સુખ તે જાતે નર્યા

હાઈ બી.પી. હાઈ બ્લડપ્રેશર : હાઈપરટેન્શન

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



થોડાં વર્ષો પહેલાંની વાત છે, અમારા મેડિકલ સ્ટાફનાં એક મહિલાના પતિનું અવસાન થયું. પ્રમાણમાં યંગ હતા અને વ્યવસ્થિત હતા. અમે એમને ઘરે ગયા તો એ બહેને કારણમાં એમ જણાવ્યું કે એમના પતિને હાઈ બીપી હતું, ત્રણેક વર્ષથી દવાઓ ઉપર હતા, બધું બરાબર ચાલતું હતું. એક અઠવાડિયાં પહેલાં એમને ધુરી ચડી અને નક્કી કર્યું કે આખી જીંદગી દવા વળી શું ખાવાની, મને કોઈ પ્રોબ્લેમ તો છે નહીં, ડોક્ટર તો નવરીના છે, મને આવી ગરમ દવાઓ ખવડાવે રાખે છે! એમણે બધી દવા ફગાવી દીધી અને એક જ અઠવાડિયાંમાં તો....

હાઈ બ્લડ પ્રેશર એક એવો રોગ છે કે જો તેને કાબુમાં રાખો તો બાબુ બનીને રહો અને જો કાબુમાં ન રાખો તો એ તમને વગર સાબુએ ધોઈ નાખે!

આ રોગ ખૂબ વ્યાપક છે અને આજની લાઈફસ્ટાઈલને લીધે એનો વ્યાપ ઘણો વધ્યો છે. કોઈ પણને પૂછો એટલે કહેશે કે આમ તો મને કશું જ નથી, બસ બીપીની એક ગોળી રોજ લેવી પડે છે!

હવે આપણે જોઈએ કે બ્લડ પ્રેશર એટલે શું. બ્લડનું પ્રેશર એટલે આર્ટરીઝ (ધમનીઓ) માં ફરતું લોહી આર્ટરીઝની દીવાલો ઉપર જે દબાણ કરે, જે દબાણ ધરાવે એ પ્રેશર. બ્લડનું નોર્મલ પ્રેશર જરૂરી છે, જે રીતે કોઈપણ પાઈપમાં પ્રેશર પૂરતું હોય તો જ બધે પાણી વ્યવસ્થિત પહોંચે એ રીતે. આ પ્રેશર મેઈન્ટેઈન રહે એ માટે શરીરમાં અનેક મિકેનિઝમો કામ કરતાં હોય છે અને એની લાંબી ડિટેઈલમાં જવું અહીં અસ્થાને છે. ખૂબ ટૂંકમાં જોઈએ તો એડ્રિનાલિન, નોરએડ્રિનાલિન જેવાં હોર્મોન્સ આ કાર્ય કરે છે. આ ઉપરાંત કિડની પણ બ્લડ પ્રેશર પર ઘણો ભાગ ભજવે છે કારણ કે કિડનીને અમુક નિશ્ચિત પ્રેશરથી લોહી મળે તો જ એ પોતાની ફિલ્ટરેશન ક્રિયા બરાબર કરી શકે છે અને માટે કિડની પોતે રેનીન નામનાં એક હોર્મોનનો સ્રાવ કરે છે જે બ્લડ પ્રેશરને મેઈન્ટેઈન રાખે છે. આ રીતે કિડનીનું રેનીન અને અન્ય હોર્મોન્સ બ્લડ પ્રેશર પર અસર કરે છે. બીજી લોજીકલ વસ્તુ એ પણ છે કે દબાણ પાઈપની કન્ડિશન ઉપર પણ આધાર રાખે છે. આપણે જેમ મોટા થતા જઈએ તેમ આપણી આર્ટરીઝમાં Arteriosclerosis (આર્ટરીઝનું બરડ થતા જવું, તેમાં કોલેસ્ટેરોલ વગેરે પદાર્થો જામવાથી તેનો ડાયામીટર ઘટવો અને તેની ઈલાસ્ટીસીટી ઘટવી) થાય છે અને આ બધાં કારણોની મિલીભગતથી બ્લડ પ્રેશર વધે છે. આ ઉપરાંત હૃદયની પંપીંગ કરવાની ક્ષમતા ઉપર પણ બ્લડ પ્રેશર આધાર રાખે છે. હવે એ જોઈએ કે હાઈ બીપી થવાનાં કારણો ક્યાં ક્યાં છે:

જો હાઈ બીપીના પેશન્ટ લઈએ અને એમના પર અનેક જાતનાં ઈન્વેસ્ટિગેશન્સ કરીએ તો પણ ૯૫% પેશન્ટ્સમાં શા માટે એનું બીપી વધેલું છે એનું કોઈ કારણ મળતું જ નથી અને એટલે આ બીપીને 'એસેન્શ્યલ હાઈપરટેન્શન' કહેવાય છે, એનું ભાષાંતર 'આવશ્યક ઉચ્ચ રક્તચાપ" એવું કરી શકાય પણ એનો સાચો અર્થ તો એ છે કે "બીપી છે એટલે છે બસ!"

એ યાદ રાખીએ કે હાઈ બીપીને મેડિકલ ટર્મિનોલોજીમાં હાઈપરટેન્શન કહેવાય છે. ક્યારેક, ખાસ કરીને યુવાન પેશન્ટસમાં કિડનીની આર્ટરી સાંકડી થઈ જવી, કિડનીના અન્ય રોગ હોવા, એડ્રિનલ ગ્રંથિની ગાંઠ હોવી જેવાં રેર કારણો હોય છે પણ આપણે એમાં જવાની જરૂર નથી કારણ કે પંચાણું ટકા પેશન્ટ્સમાં કોઈ કારણ મળતું જ નથી. યુવાન વ્યક્તિને હાઈ બીપી થાય તો એને ઈન્વેસ્ટિગેટ કરવું જોઈએ.

હાઈપરટેન્શન અને લાઈફ સ્ટાઈલને સીધો સંબંધ છે અને એ સંદર્ભે એનાં કારણો જોઈએ તો

★ ધુમ્રપાન

★ વધારે વજન અથવા મેદસ્વી હોવું

★ શારીરિક પ્રવૃત્તિ-કસરતનો અભાવ

★ ખોરાકમાં વધુ પડતું મીઠું

★ અતિશય આલ્કોહોલનું સેવન (દિવસમાં એક થી બે ડ્રિંક્સ

★ પ્રેગ્નન્સીમાં પણ ક્યારેક હાઈ બીપી થાય છે અને પછી એ રહી જાય છે.

બ્લડ પ્રેશર કેટલું હોવું જોઈએ તથા એ શું બતાવે છે એ પણ જોઈ લઈએ : બ્લડ પ્રેશરમાં ઉપરનું (સિસ્ટોલિક) અને નીચેનું (ડાયાસ્ટોલિક) એમ બે હોય છે. સિસ્ટોલ એટલે હૃદય જ્યારે સંકોચાઈ અને બ્લડ બહાર ધકેલે એ અવસ્થા અને ડાયાસ્ટોલ એટલે હૃદય વિસ્ફારીત થઈને પોતામાં બ્લડ આવવા દે એ અવસ્થા. ટૂંકમાં ઉપરનું અને નીચેનું બીપી.

બ્લડ પ્રેશરનાં વિભિન્ન સ્તર:

★ નોર્મલ: સિસ્ટોલિક: ૧૨૦mm Hg કરતાં ઓછું

ડાયાસ્ટોલિક: ૮૦mm Hg કરતાં ઓછું.

★ પ્રીહાઈપરટેન્શન: સિસ્ટોલિક: ૧૨૦–૧૩૯ mm Hg

ડાયસ્ટોલિક: ૮૦–૮૯mm Hg

★ હાઈપરટેન્શન: સિસ્ટોલિક: ૧૪૦mm Hg અથવા વધુ.

ડાયાસ્ટોલિક: ૯૦mm Hg અથવા વધુ.

બ્લડ પ્રેશર માપવાનાં યંત્રને સ્ફિગમોમેનોમીટર કહે છે. એ પારા(મર્ક્યુરી) વાળાં, પારા વગરનાં પણ એટલે કે ડાયલવાળાં આવે છે. હવે તો ઓટોમેટિક પણ આવે છે જે ઘરે રાખી શકાય છે અને સરળતાથી બીપી માપી શકાય છે અને એ મશીનો ડિજિટલી આંકડા બતાવી દે છે.

આ બધી વાતોમાં તમે જે સમજો, જેટલું સમજો કે ન સમજો તો પણ એક વાત ખાસ યાદ રાખવી કે તમારું બીપી ૧૪૦/૯૦ થી નીચે રહેવું જોઈએ, બીજું બધું તેલ લેવા જાય ! જો આનાથી નીચે રહે એટલે તમે સલામત. ત્રીસ વર્ષની ઉંમર પછી બીપી રેગ્યુલર ચેક કરાવતા રહેવું જોઈએ. જો ૧૨૦/૮૦ થી ઉપર તરફ જવાનો ટ્રેન્ડ બતાવતું હોય તો ચેતી જવું જોઈએ અને જો ૧૪૦/૯૦ ની ઉપર ગયું હોય તો એની દવા ચાલુ કરાવી અને એને નીચે લાવી દેવું જોઈએ અને પછી નીચે જ એ મેઈન્ટેઈન રહેવું જોઈએ. આ માટે તમારા ડોક્ટર તમને કન્ટ્રોલ આવી જાય અને એ પ્રમાણે દવાનો ડોઝ સેટ થઈ જાય એ માટે વખતોવખત બોલાવી અને બીપી જોયા કરશે. એક વખત બધું સેટ થઈ જાય પછી મહિને-બે મહિને જોઈ લો તો પણ ચાલે. અનેક જાતની દવાઓ આવે છે જે અલગ અલગ મિકેનિઝમોથી બીપી ઘટાડે છે. ઘણી વાર ડોક્ટર અમુક દવાઓનાં કોમ્બિનેશન્સ પણ આપે છે. કોઈને એક દવા કામ ન કરે કે માફક ન આવે તો બીજી દવા આપે છે. આ બધું ટ્રાયલ એન્ડ એરર જેવું હોય છે. દવા ચાલુ કર્યા પછી ઘણું ખરું એ આજીવન લેવાની હોય છે. વચ્ચે વચ્ચે એવા તબક્કા આવી શકે કે જ્યારે ડોઝમાં ફેરફાર કરવો પડે, દવા બદલાવવી પડે કે કોઈ દવા વધારાની ઉમેરવી પડે. આ વસ્તુ તમારા ભરોસાપાત્ર ડોક્ટર સાથે રહી અને કરવી પડે.

સાથે સાથે જરૂરી છે કે જો હાઈ બીપી હોય તો લાઈફસ્ટાઈલમાં પરિવર્તન લાવવું અનિવાર્ય છે. સૌથી વધુ જરૂરી છે ખોરાકમાં મીઠું (નમક, સોલ્ટ) ખૂબ ઓછું કરી નાખવું. બીપી વધારવા માટે મીઠું એક નંબરની વસ્તુ છે. વજન વધુ હોય તો ઘટાડવું જોઈએ, સાથે જો ડાયાબીટીસ હોય તો એને કન્ટ્રોલ કરવો જોઈએ. સ્મોકિંગ-તમાકુ સદંતર બંધ કરી દેવાં જોઈએ. રેગ્યુલર અને વ્યવસ્થિત એક્સરસાઈઝ કરવી જોઈએ. એક્સરસાઈઝ અને બીપીનાં ઘટવાને સીધો સંબંધ છે એ પૂરવાર થયું છે. બેઠાડુ રહેતા હોઈએ તો એ બંધ કરવું જોઈએ. ઊંઘ પણ પૂરતી અને નિયમિત લેવી જોઈએ અને હા, સ્વભાવમાં પરિવર્તન લાવવું જોઈએ, એકદમ ગુસ્સે થઈ જવું, ઉશ્કેરાઈ જવું, એકદમ ચિંતાતુર થઈ જવું એ બધું બીપી વધારનારું છે. કોઈ કહે કે એવું તે વળી કેવી રીતે હોય, તો સીધો જવાબ છે કે ગુસ્સો, ઉશ્કેરાટ અને માનસિક તણાવથી એડ્રિનાલિનનો સ્રાવ વધે છે અને એ બીપી વધારે છે.

હવે એ જોઈએ કે હાઈપરટેન્શનને ટ્રીટ ન કરવામાં આવે અથવા તો એ પ્રત્યે બેદરકારી સેવવામાં આવે તો શું થઈ શકે:

★ હાર્ટ એટેક

★ પેરાલિસિસનો એટેક

★ બ્રેઈન હેમરેજ અને મૃત્યુ

★ એન્યુરિઝમ (કોઈ મહત્વની આર્ટરીની દીવાલમાં ફુગ્ગો/મોરલી થવી.

★ હાર્ટ ફેઈલ્યોર એટલે કે હાર્ટ પોતાનું બ્લડ પંપ કરવાનું જે કાર્ય છે એમાં નિષ્ફળ જવા લાગે.

★ હાર્ટનું પહોળું થવું.

★ આંખોમાં સાંકડી અથવા ફાટેલી રક્તવાહિનીઓ જે અંધાપો લાવી શકે.

★ યાદશક્તિ કે સમજવામાં મુશ્કેલી.

★ ઉન્માદ.

હા, કોઈ કહેશે કે હાઈ બીપીનાં લક્ષણો શું અને એનું તો કંઈ સમજાવ્યું જ નહીં, બીપી વધે તો લક્ષણો શું થાય એની તો વાત કરો !

તો સાંભળો, એનાં કોઈ જ લક્ષણો નથી. કશું જ થતું હોતું નથી. કોઈ કહે કે મારું બીપી વધે એટલે મને ખબર પડી જાય, મારૂં માથું ફરવા લાગે, મને ચક્કર આવે, મને અંધારાં આવે....તો આ બધું મોટે ભાગે સાયકોલોજીકલ હોય છે, આવાં કોઈ લક્ષણ થતાં નથી અને એટલે જ હાઈ બીપીને સાયલન્ટ કિલર કહે છે. ઘણીવાર તો માણસને પેરાલીસીસ કે હેમરેજ થાય ત્યારે જ ખબર પડે છે કે ઓહોહોહો ભાઈ, આને તો ૨૧૦/૧૩૦ બીપી હતું, કોઈએ કોઈ દી' જોયું જ નહીં !! ક્યારેક રૂટીન ચેકઅપ માટે જાય કે ઈન્શ્યોરન્સ વગેરેનાં મેડિકલ માટે જાય ત્યારે ખબર પડે કે અરે, આને તો હાઈ બીપી છે ! એને કશું થતું જ ન હોય પછી એ ડોક્ટર પાસે શા માટે જાય ? આ જ વસ્તુ આ રોગની ભયંકરતા દર્શાવે છે. હા, કોઈક વ્યક્તિનું બીપી અચાનક એકદમ અને સખત વધી ગયું હોય તો એને

★ છાતીમાં તીવ્ર દુખાવો.

★ ગંભીર માથાનો દુખાવો, મૂંઝવણ અને અસ્પષ્ટ દ્રષ્ટિ.

★ ઉબકા અને ઉલ્ટી.

★ હાંફ ચઢવી.

★ નાકમાંથી રક્તસ્રાવ થવો

જેવાં લક્ષણો થઈ શકે છે પણ એ તો બીપી હદ ઉપરાંત વધે તો જ. શું આવું થાય પછી આપણે બ્લડ પ્રેશર પર ધ્યાન આપશું કે તે પહેલાં ?

એટલે હાઈ બીપી હોય તો સો વાતની એક વાત, બેદરકાર રહેવું નહીં, હોંશિયારી કરવી નહીં, દોઢ ડહાપણ કરવું નહીં, સીધી લાઈન પર આવી જવું અને મપાવતાં રહેવું અને એને કંટ્રોલમાં રાખવું. ડોક્ટરની સલાહ વગર બીપીની દવા ક્યારેય બંધ કરવી નહીં અને અચાનક તો કોઈ સંજોગોમાં બંધ કરવી નહીં. હા, ક્યારેક કોઈક દિવસ ગોળી લેવાની ભૂલાઈ જાય તો ચિંતા ન કરવી, એમ કંઈ નથી થઈ જતું. અનેક અનેક સંશોધનોથી એ પૂરવાર થયું છે કે બીપીને ૧૪૦/૯૦ થી નીચે રાખવામાં આવે તો અનેક જોખમોથી બચી શકાય છે. એ યાદ રાખવું બીપી માપવાનું ખૂબ સહેલું છે, એને કાબુમાં રાખવું ખૂબ સહેલું છે પણ જો એમ ન કર્યું અને એ કાબુ બહાર ગયું તો....વગર સાબુએ !!!

પણ હા, બીપીનું ધ્યાન જરૂર રાખવું પણ એ અંગે ઘાંઘા ન થઈ જવું.


"સાહેબ, કાલે માપ્યું તો ૧૩૬/૮૪ હતું અને આજે માપ્યું તો ૧૩૮/૮૮ થઈ ગયું છે તો શું કરવું ?" આવું નહીં કરવાનું, બે ચાર પોઈન્ટ્સનો ફેર તો બે-બે કલાકે પણ આવી શકે. બીપીનું રીડિંગ એ કોઈ ફીક્સ આંકડો નથી, એમાં થોડું ઘણું વેરીએશન તો સતત આવ્યા કરતું હોય છે જે નોર્મલ વસ્તુ છે. બીપી માપવાનું મશીન ઘરમાં રાખવાનું પણ રોજ રોજ માપીને ગાંડા નહીં થવાનું. ૧૪૦/૯૦ ની નીચે હોવું જોઈએ, બસ.

મેડિકલ બાબતો એવી છે કે એના પર વધુ પડતું વિચારો તો ગાંડા થઈ જાઓ એટલે વગર કારણે, થોડા ઘણા ફેરફરમાં "બીપી વધી ગયું છે" કરીને પોતાનું અને ઘરનાનું બીપી નહીં વધારવાનું !!




ખાસ નોંધઃ આ લેખ એ ડોક્ટરની સલાહ અને સારવારનો વિકલ્પ નથી.

- ડૉ પ્રણવ વૈદ્ય



AIની દુનિયા એક નવો પ્રકાશ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



આજના ઝડપી યુગમાં, જ્યારે આપણે ફોનમાં બે શબ્દ બોલીએ અને તે આપણા પ્રશ્નો જવાબ આપે છે, ત્યારે એક ક્ષણ માટે થાય કે આ બધુ કેવી રીતે શક્ય બન્યું? આનું નામ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, એટલે કે AI એવું લાગે છે કે મશીનો આપણી જેમ વિચારે છે, શીખે છે, અને નિર્ણય લે છે. પણ શું આ ખરેખર માનવ બુદ્ધિની નકલ છે, કે તેનાથી પણ આગળનું કંઈક? ચાલો, આ વિષયની થોડી ખોજ કરીએ જેમ આપણે કોઈ નવા શહેરમાં ફરવા નીકળીએ છીએ, ધીમે ધીમે રસ્તાઓ શોધીએ.

AI એટલે શું?

કલ્પના કરો, એક એવું મશીન જે તમારા શબ્દો સમજે, તમારા ફોટો જોઈને કહે તે તેમાં શું છે, અથવા તો ગણિતની જટિલ સમસ્યા ચપટીમાં હલ કરી દે, AI એટલે આવી ક્ષમતા, જે કમ્પ્યુટરને શીખવા, વિચારવા અને નિર્ણય લેવાની શક્તિ આપે છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે Google Translates વડે ગુજરાતી લખાણને અંગ્રેજીમાં ફેરવો છો, ત્યારે AI જ તે ભાષામાં નિયમો શીખીને ભાષાંતર કરે છે. આવી જ રીતે, જ્યારે તમે Netflix પર કોઈ ફિલ્મ જુઓ તો AI તમારી પસંદગીના આધારે નવી ફિલ્મો સૂચવે છે.

AI ના ચાર મુખ્ય સ્તંભો છે.

મશીન લર્નિંગ : ડેટામાંથી શીખવું અને આગાહી કરવી.

ડીપ લર્નિંગ : માનવ મગજની જેમ ન્યુરલ નેટવર્ક્સ દ્વારા જટિલ પેટર્ન શોધવી.

નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP) : માનવ ભાષાને સમજવી અને તેનો જવાબ આપવો.

કમ્પ્યુટર વિઝન : ચિત્રો કે વિડિયોમાંથી માહિતી શોધવી.

આ બધું એવું છે જાણે કોઈ વિદ્યાર્થી નવું શીખે, પણ આ વિદ્યાર્થી ન થાકે, ન ઊંઘે અને ઝડપીથી ગણતરીઓ કરે.

AI ની સફર : ગઈ કાલથી આજ સુધી

AI ની વાત કરતાં આપણે ૧૯૫૦ના દાયકામાં પહોંચી જઈએ, જ્યારે એલન ટ્યુરિંગ નામના એક બ્રિટિશ વૈજ્ઞાનિકે પૂછ્યું, "શું મશીનો વિચારી શકે ?" આ સવાલથી જ AI જન્મ થયો. ૧૯૫૬માં ડાર્ટમાઉથ કોન્ફરન્સમાં આ શબ્દ પ્રથમ વખત બોલાયો. શરૂઆતમાં AI સરળ હતું - ચેસ રમવું કે ગણિતની સમસ્યા હલ કરવી. ૧૯૯૭માં જ્યારે IBMના Deep Blue એ વિશ્વ ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પેરોવને હરાવ્યો, ત્યારે લોકોની આંખો ખુલી ગઈ. આ મશીન હતું. પણ તેની બુદ્ધિ માનવને ટક્કર આપતી હતી.

૨૦૧૦ના દાયકામાં, ડેટાનો ઢગલો, શક્તિશાળી કમ્પ્યુટર્સ અને નવા અલ્ગોરિધમ્સે AI ને નવી ઊંચાઈઓ આપી. આજે AI તમારા ફોનમાં, ગાડીઓમાં, હોસ્પિટલોમાં દરેક જગ્યાએ છે. એવું લાગે છે કે આપણે એક નવા યુગના દ્વારે ઊભા છીએ, જ્યાં મશીનો આપણા સાથી બની રહ્યા છે.

આજના AI ના ચમત્કારો

૨૦૨૫ની વાત કરીએ તો AI ની દુનિયામાં ઘણું બધું બદલાઈ ગયું છે થોડા ઉદાહરણો જોઈએ.

વાતચીતની કળા : ChatGPT અને xAIનું Grok જેવા મોડલ્સ હવે એટલા હોશિયાર છે કે તેઓ વાતચીતમાં માનવ જેવો અનુભવ આપે. તમે પૂછો, "ગુજરાતનું હવામાન શુ છે?" અને તેઓ ઝટપટ જવાબ આપે, સાથે થોડું હાસ્ય પણ ઉમેરે!

આંખોની જેમ જોવું : AI હવે ચિત્ર અને વિડિયો જોઈ શકે છે ડોક્ટરોની જેમ એક્સ-રેમાંથી કેન્સર શોધવું કે ઓટોનોમસ ગાડીઓને રસ્તા પર ચલાવવું આ બધું AI ની દેન છે.

સર્જનની ક્ષમતા : DALL-E મ Midjourney જેવા ટુલ્સ ટેક્સ્ટના આધારે ચિત્રો બનાવે છે. લખો "સૂર્યાસ્તનું ગુજરાતી

ગામ'' અને AI એક સુંદર ચિત્ર બનાવી દે.

નૈતિકતાનો પ્રશ્ન : હવે સંશોધકો AI ને વધુ નૈતિક બનાવવા પર કામ કરે છે, જેથી તે પક્ષપાત ન કરે અને ડેટાની ગોપનીયતા જાળવે. આ બધું એવુ છે. જાણે કોઈ વૈજ્ઞાનિક પરીકથા, પણ આ હકીકત છે, અને તે આપણી આસપાસ ઘટી રહી છે.

આપણા સમુદાય માટે AI નો લાભ


ગુજરાતની ધરતી, જ્યાં ખેતરો લહેરાય છે અને ઉદ્યોગો ગુંજે છે, ત્યાં AI નવી તકો લઈને આવે છે. થોડી વાતો કરીએ.



શિક્ષણનો નવો રંગ : ગામડાના શાળાઓમાં, જ્યાં શિક્ષકોની અછત હોય, AI - આધારિત એપ્સ બાળકોને ગુજરાતીમાં ગણિત, વિજ્ઞાન કે અંગ્રેજી શીખવી શકે. ધારો કે એક બાળક ગામમાં બેસીને વર્ચ્યુઅલ ટ્યુટર પાસેથી શીખે - આ નથી કલ્પના, આ AI ની તાકાત છે.

આરોગ્યની સુવિધા : ગ્રામીય હોસ્પિટલોમાં, જ્યાં ડોક્ટરો ઓછા હોય, AI ટૂલ્સ એક્સ-રે કે બ્લડ ટેસ્ટનું વિશ્લેષણ કરીને રોગોની ઝડપી ઓળખ કરી શકે. ડાયાબિટીસ કે હૃદયરોગની આગાહી AI થી શક્ય છે, જે દૂરના વિસ્તારોમાં જીવ બચાવી શકે.

ઉદ્યોગોની ગતિ : ગુજરાતના નાના ઉદ્યોગો, જેમ કે ટેક્સટાઈલ કે ખાદ્ય ઉત્પાદન AI નો ઉપયોગ ગુણવત્તા નિયંત્રણ અને ગ્રાહક સેવામાં કરી શકે. ચેટબોટ્સ ગ્રાહકોના પ્રશ્નો ગુજરાતીમાં જવાબ આપી શકે. જે વ્યવસાયને વધુ સરળ બનાવે.





પડકારોનો પડછાયો પણ દરેક સિક્કાની બે બાજુ હોય છે AI ની સાથે પડકારો પણ આવે :

પક્ષપાતનો પ્રશ્ન : જો AI ને ખોટો ડેટા આપવામાં આવે, તો તે ખોટા નિર્ણયો લઈ શકે. ઉદાહરણ તરીકે, જો આરોગ્ય ડેટામાં લિંગ આધારિત પૂર્વગ્રહ હોય, તો AI ની આગાહીઓ પણ ભૂલભરેલી હોઈ શકે.

ગોપનીયતાની ચિંતા : આપણો ડેટા જેમ કે આરોગ્ય કે ખરીદીની માહિતી AI સિસ્ટમ્સમાં સંગ્રહાય છે. જો તેનો દુરુપયોગ થાય તો ગોપનીયતા જોખમાય.

નોકરીઓનું ભવિષ્ય : AI ના ઓટોમેશનથી કેટલીક નોકરીઓ ખતમ થઈ શકે, જે આપણા યુવાનો માટે નવા કૌશલ્યો શીખવાની જરૂરિયાત ઊભી કરે.

આ પડકારો એવા નથી કે જેનો ઉકેલ ન આવે. આપણે ફક્ત AI નો ઉપયોગ જવાબદારીથી કરવાનો છે, જેથી તે આપણું સાથી બને નહીં કે સમસ્યા.

નિષ્કર્ષ : નવા યુગની શરૂઆત AI એટલે એક એવું સાધન, જે આપણી બુદ્ધિને નવી ઊંચાઈઓ આપે છે. ગામડાઓથી લઈને શહેરો સુધી, આ ટેકનોલોજી જીવનને સરળ અને સમૃદ્ધ બનાવી શકે. પણ, જેમ આપણે નવી ગાડી ચલાવતા પહેલાં તેના નિયમો શીખીએ તેમ AI નો ઉપયોગ પણ નૈતિક રીત કરવો પડશે. આગળની સફરમાં આપણે AI ના અન્ય પાસાઓ જેમ કે આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણની વાત કરીશું.

તો, તમે આ નવા યુગમાં AI નો ઉપયોગ કેવી રીતે કરવા માંગો ?

વાચકોને પ્રશ્ન :

AI તમારા રોજિંદા જીવનમાં કેવી રીતે મદદ કરે છે ? કોઈ ઉદાહરણ આપો.

આપણા સમુદાય માટે AI નો ક્યો ઉપયોગ તમને સૌથી વધુ ઉત્સાહિત કરે છે ?



-ચિરાગ ધનજીભાઈ પટેલ

વિભાગ : ૭ કૃષિ, વેપાર અને ઉદ્યોગ ધંધા

બી.ટી. કપાસના સંશોધનની ઉપયોગીતા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



બીટી કપાસ શું છે ? અને તેની કેવી રીતે વિકસાવવામાં આવ્યો છે ? અને તેના ફાયદા વિશે જાણીએ

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. સમગ્ર વિશ્વ ને સૌથી પહેલો હાઈબ્રીડ કપાસ ગુજરાતના સુરત ખાતે આવેલા કપાસ સંશોધન કેન્દ્ર દ્વારા આપવામાં આવ્યો છે. ત્યાર બાદ સમયાનુસાર બી.ટી. કપાસનું આગમન થયું. જેને ગુજરાતના ખેડુતો માટે ઉપજ, આવક અને કપાસના ઉત્પાદન ક્ષેત્રે ઘણું યોગદાન આપ્યું છે. કપાસને "શ્વેત સોનું (White Gold)" તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લા બે દાયકામાં કપાસના આશીર્વાદરૂપ સમાન સાબિત થયો છે. ચોમાસમાં કપાસ પાકનું ગુજરાતમાં સરેરાશ વાવેતર વિસ્તાર અંદાજીત ૨૫ લાખ હેક્ટર છે.

બી. ટી. કપાસની ઉત્પતિ

- ભારતમાં બી.ટી. કપાસને ૨૦૦૨માં વ્યાવસાયિક સ્તરે વાવેતર માટે મંજૂરી આપવામાં આવી.
- બી.ટી (Bt) નો અર્થ છે Bacillus thuringiensis, જે એક પ્રકારનો માટીમાં રહેતો બેક્ટેરિયા છે.
- આ બેક્ટેરિયા દ્વારા ઉત્પન્ન થતું ક્રાય પ્રોટીન (Cry Pro tein) કપાસના છોડમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યું છે.
- આ જીનને છોડમાં દાખલ કરવાથી કપાસના છોડને બોલવર્મ (કપાસપાકને નુકશાન કરતી ઈયળો) જેવી જીવાતોથી થતા નુક્શાન કુદરતી રીતે અટકાવી શકાય છે.
- આ બેક્ટેરિયામાંથી મળતું ક્રાય પ્રોટીન (Cry Protein) જીવાતો માટે ઝેરી છે, પરંતુ માનવ, પ્રાણી અને અન્ય માટે નુકશાન કારક નથી.

Cry1Ac અને Cry1Ab જીન કપાસ માટે કેવી રીતે કામ કરે છે.

1. Cry જીનનો સ્ત્રોત

- આ જીન એક બેક્ટેરિયા Bacillus thurigniensis (Bt) માંથી લેવામાં આવ્યા છે.
- Bt બેક્ટેરિયા કુદરતી રીતે જીવાતોને મારનાર પ્રોટીન (Cry Protein) બનાવે છે.

2. Cry Protein (ઝેર) શું કરે છે ?

- Cry1Ac અને Cry1Ab બંને પ્રોટીન Bollworm (Helicoverpa armigera, pink bollworm, spotted bollworm) જેવા જીવાતો માટે ઝેરી છે.
- પરંતુ આ પ્રોટીન માનવ, પ્રાણી કે અન્ય માટે નુકશાન કારક નથી.

બી.ટી જીનની ક્રિયાપ્રણાલી (Mechanism of Action)

૧. કપાસમાં આવતી ઈયળ કપાસના પાન/ફુલ/ફળ ખાય છે તેની સાથે Cry પ્રોટીન ઈયળતા પાચન તંત્રમાં પ્રવેશે છે.

૨. જીવાતના પાચનતંત્ર (midgut) માં એટલે કે તેના પેટમાં ક્ષારિય પરિસ્થિતિ (alkaline condition) હોય છે, ત્યાં Cry પ્રોટીન સક્રિય ઝેરમાં બદલાય છે.

૩. પેટની ભીતર સક્રિય Cry ઝેર જીવાતની આંતરડાની દિવાલની રીસેપ્ટર કોષો સાથે બંધાય જાય છે.

૪. કોષોમાં છિદ્ર થતાં આંતરિક પ્રવાહી બહાર નીકળી જાય છે.

૫. જીવાત ખોરાક ખાવું બંધ કરે છે અને થોડા સમયમાં મરી જાય છે.

Cry1Ac અને Cry1Ab જુદા જુદા પ્રકારની ઈયરો સામે અસરકારકતા

Bt જીન	રક્ષણ આપતા કીટાણુ	નોંધ
Cry1Ac	Heliothis spp. (Heliothis larva)	પાન અને ફુલો ખાધી નુકસાનથી બચાવે
Cry1Ab	Heliothis spp.	Cry1Ac જેવો અસરકારક, લાર્વા પ્રકારની ઈયળો સામે.
Cry2Ab	Heliothis spp. Spodoptera app.	વધુ પ્રતિકારકતા સાથે રક્ષણ પ્રદાન કરે.
Cry1Ac+	Heliothis Spp., Spodoptera app. Kind of	બંને જીનો સાથે લાંબા સમય માટે સુરક્ષા
Cry2Ab	Lepidoptera spp.	

ગુજરાતના ખેડૂતો માટે બી.ટી કપાસની ઉપયોગિતા

૧. જીવાતો સામે પ્રતિકાર

- કપાસમાં સૌથી મોટો ખતરો છે બોલવર્મ
- બી.ટી કપાસમાં રહેલો Cry Protein આ જીવાતો માટે ઝેરી હોવાથી પાકને નુકસાન ઓછું થાય છે.

૨. ઉપજમાં વધારો

- જીવાતોનો પ્રહાર ઘટે એટલે પાકનું રક્ષણ સારુ રહે છે.
- પરિણામે સામાન્ય જાતો કરતાં 30-40% વધારે ઉપજ મળે છે.

૩. જંતુનાશકોનો ઓછો ખર્ચ

- ખેડૂતોને વારંવાર જંતુનાશક દવા છાંટવાની જરૂર રહેતી નથી.
- દવા, મંજૂરી અને સિંચાઈમાં બચત થાય છે.

૪. ખેડૂતોને આવકમાં વધારો

- ખર્ચ ઓછો અને ઉપજ વધારે આવક સીધી વધે છે
- નાના - મોટા બધા પ્રકારના ખેડૂતો માટે આર્થિક રીતે લાભદાયી છે.

૫. પર્યાવરણ માટે લાભકારી

- જંતુનાશકોનો ઓછો ઉપયોગ થવાથી જમીન, પાણી અને હવા પર પ્રદૂષણ ઓછું થાય છે.
- ખેડૂતોના આરોગ્ય પર પણ સકારાત્મક અસર થાય છે.

૬. કપાસ ઉદ્યોગ માટે ફાયદો

- ગુજરાત "Cotton Hub" છે, એટલે કપાસ આધારિત જીનીંગ, ટેક્સટાઈલ અને નિકાલ ઉદ્યોગોને ગુણવત્તાવાળુ કાચું માલ પૂરતું મળે છે.
- રાજ્યની અર્થ વ્યવસ્થા મજબૂત બને છે.



- શંકરભાઈ મ. પટેલ



ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ
સંકલન

મા ઉમિયા ધજા મહોત્સવની તાડામાર તૈયારી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા આપ સૌને જય માતાજી પાઠવે છે. મા ઉમિયાના આશિષથી આપ સૌ સુખી, સમૃધ્ધ અને આબાદ રહો તેવી શુભેચ્છા.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની કારોબારી સભા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની કારોબારી સભા તા. ૨૪-૦૮-૨૦૨૫ સવારે, ૧૦:૩૦ કલાકે ઉમેશ્વર હોલમાં સંસ્થાના પ્રમુખ બાબુભાઈ જે. પટેલ(બીજેપી) ના અધ્યક્ષસ્થાને મળી. સહમંત્રીશ્રી વસંતભાઈ ચોકસીએ તમામ કારોબારી સભ્યશ્રીઓનું સ્વાગત કર્યું. મંત્રીશ્રી જયંતિભાઈ પટેલે હિસાબ અને અગાઉના ઠરાવીને મંજુર કરવા અપીલ કરી. સહુએ સર્વાનુમત્તે તમામ ઠરાવો મંજૂર કર્યાં. ઉમિયાધામ સોલા ખાતે ચાલી રહેલા પ્રોજેક્ટ બાબતે વિસ્તૃત માહિતી બાંધકામ કમિટી ચેરમેનશ્રી આઈ.સી.પટેલ સાહેબે આપી. ૧૬૦૦ બાળકો માટેની હોસ્ટેલ અને મંદિરનું કામ ચાલી રહયું છે. દરેક કામ બજેટ પ્રમાણે નિર્ધારિત સમયમાં ચાલી રહયું છે. અંબાજી અને બહુચરાજીમાં પથિકાશ્રમને બદલે ઉમિયાધામ નામકરણ કરવાનું અને ઊંઝા હાઈવે ઉપરના સર્કલનું નામ ઉમાપુરમ સર્કલ કરવાની સહમંતીશ્રી મુકેશભાઈના સૂચનને તાળીઓથી વધાવી લેવામાં આવ્યું. માનદમંત્રીશ્રી જયંતિભાઈ પટેલે ઉમિયાચંદ્રક ઉપર પ્રકાશ પાડયો. ટૂંક સમયમાં સન્માન સમારોહ કાર્યક્રમ યોજવામાં આવશે.સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ જે પટેલે સંસ્થાના વિકાસમાં આપણો સહિયારો પ્રયાસએ પ્રગતિની નિશાની છે. વિકાસના તમામ કામ પૂર્ણ કરવા ભાર મૂક્યો. ભારે વરસાદ હોવા છતાં એમ.પી.સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાનના સભ્યો હાજર રહી રચનાત્મક પ્રેરણા આપી પ્રોત્સાહિત કર્યો. તે બદલ સહુનો આભાર.સંસ્થાના ખજાનચીશ્રી હસમુખભાઈ પટેલે આભારવિધિ કરી.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની જનરલ સભા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની જનરલ સભા તા.૨૪-૦૮-૨૦૨૫ સવારે ૦૨:૦૦ કલાકે માતાજી પરિસરમાં સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ જે.પટેલ(B.J.P) ના અધ્યક્ષસ્થાને મળી. સંસ્થાના સહમંતીશ્રી મુકેશભાઈ પટેલે સહુને આવકાર્યો.વાર્ષિક અહેવાલ, હિસાબ અને અંદાજીત બજેટ બાબતે મંત્રીશ્રી જયંતિભાઈ પટેલે સહુને અવગત કર્યા. સભાએ સર્વાનુમત્તે એજન્ડા મુજબના તમામ કામો બાબતે હોદ્દેદારશ્રીઓને અધિકાર આપ્યા. કારોબારીમાં થયેલ ચર્ચા વિચારણાથી સહુને વાકેફ કર્યા. પ્રમુખશ્રીએ પારદર્શક વહિવટ, સામાજિક સમરસતા બાબતે પ્રકાશ પાડયો. જનરલ સભામાં મોટી સંખ્યામાં સભ્યો બજર રહયા, સભાએ તમામ ઠરાવો સર્વાનુમત્તે પાસ કર્યા. સંસ્થાના ખજાનચી હસમુખભાઈ પટેલે આભારવિધિ કરી.

શ્રી ઉમિયા પરિવાર ઓસ્ટ્રેલિયાના સિડનીમાં પૂર્ણિમા મહોત્સવનું આયોજન

દિવસે દિવસે કડવા પાટીદાર સમાજમાં માતાજી પ્રત્યે શ્રધ્ધા, નિષ્ઠા, ભક્તિભાવમાં વધારો થયો છે. તેના પરિણામે ઓસ્ટ્રેલિયામાં શ્રી ઉમિયા પરિવાર ઓસ્ટ્રેલિયાના સિડની દ્વારા વધુ એક સફળ કાર્યક્રમનું આયોજન રવિવાર તા. ૦૭-૦૯-૨૦૨૫ ના રોજ ભાદરવી પૂર્ણિમા મહોત્સવનું અયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦૦ થી વધારે ભક્તોએ હાજરી આપી. જગતજનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી અને માતાજીના આશીર્વાદ મેળવ્યા. નાના બાળકોથી લઈ યુવાનો વડીલો સુધી સૌએ આશીર્વાદમય વાતાવરણ અને સકારાત્મક ઉર્જાનો આનંદ અનુભવ્યો. મા ઉમિયાના આશીર્વાદથી મંદિરમાં ઘર જેવી લાગણી થઈ. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરનાર યુવાટીમ, સ્વયંસેવકો અને નિષ્કામ ભાવથી સેવા આપનાર દરેક ભક્તોને મા ઉમિયાના આશીર્વાદ ઉતરતા રહે એવી મા ઉમિયાને પ્રાર્થના.

શ્રી ઉમિયા મહિલા સત્સંગ મંડળ કિટ વિતરણ સમારોહ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા પ્રેરિત શ્રી ઉમિયા મહિલા સત્સંગ મંડળ દ્વારા ઊંઝા, અમીરગઢ અને અમદાવાદ ખાતે કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા માતાજીનો ફોટો, કંપડો, ભજનાવલી, સાહિત્યની કીટ આપવામાં આવી. આ કાર્યક્રમનું સુંદર આયોજન સંગઠનની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. સત્સંગ

મંડળની વિસ્તૃત માહિતીમાં અઠવાડિયામાં નક્કી કરેલ સ્થળ અને સમયે માતાજીની ધૂન, ભજન, કિર્તન, આરતી કરવી. મંડળ દ્વારા ગામમાં કે આપના વિસ્તારમાં કોઈના જન્મ કે ખુશાલીના પ્રસંગે અથવા અન્ય પ્રસંગે જેમનું આમંત્રણ મળે તેમના ઘરે જઈ ઉમિયા માતાજીનો સત્સંગ કરવો. તેમાંથી જે આવક ઊભી થાય તે તમારા મંડળના સત્સંગમાં વાપરવી. વર્ષમાં એક દિવસ માતાજીના મુખ્ય મંદિર ઊંઝામાં ધજા ચડાવવા આવવું. ઉમિયા માતાજી મંદિર, ઊંઝામાં ઊજવાતા પ્રસંગોમાં મંડળની બહેનો ભેગા થઈ પ્રસંગની ઊજવણી પણ કરી શકાય.

તા.૩૧-૦૮-૨૦૨૫ના રોજ વિસનગર તાલુકા અને શહેર તથા ઊંઝા તાલુકા અને શહેરના કર સત્સંગ મંડળનો કિટ વિતરણ કાર્યક્રમ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના ઉમેશ્વર હોલમાં યોજાયો

તા.૦૮-૦૯-૨૦૨૫ ના રોજ બનાસકાંઠા અને પાલી જિલ્લાના ૮ સત્સંગ મંડળનો કિટ વિતરણ કાર્યક્રમ અમીરગઢમાં યોજાયો

તા. ૧૧-૦૯-૨૦૨૫ ના રોજ અમદાવાદ પશ્ચિમ ઝોનનો ૩૯ સત્સંગ મંડળનો કિટ વિતરણ કાર્યક્રમ સોલા ઉમિયાધામમાં યોજાયો

તા.૦૮-૦૯-૨૦૨૫ ના રોજ અમીરગઢમાં ઉમિયા માતાજી ફોટોમંદિર કાર્યક્રમ યોજાયો.

વિઝન-૨૦૩૦ અંર્તગત શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર નિર્માણમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની વાત છે. માતાજી મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવો ભારે ધામધુમથી આનંદ ઉલ્લાસથી ઊજવાય છે. આવા ધાર્મિક પ્રસંગોથી માતાજી પ્રત્યે આસ્થા, શ્રધ્ધા, ભક્તિભાવ, સંપ સંગઠન અને સદભાવના ખૂબ જ વધી રહી છે. તાજેતરમાં નીચે મુજબના ફોટો મંદિર કાર્યક્રમ આનંદ-ઉલ્લાસ સાથે થયા.

શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર નિર્માણ

ફોટોમંદિર નિર્માણના કાર્યથી ઉમિયા પરિવારોમાં યુવાનોના સંગઠન અને ધાર્મિક મંડળો સક્રિય બને છે.મા ઉમિયા પ્રત્યે ધાર્મિકતા અને સંગઠિતતા એ આપણા સૌનું ધ્યેય છે. જે દેખાઈ રહ્યું છે. બધા મંદિર કાર્યક્રમોમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના હોદ્દેદારશ્રીઓ, મંદિર સમિતિના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપ્યું હતું. તમામ દાતાશ્રીઓ, કાર્યકરો, ભાઈઓ-બહેનો, અને યુવાવર્ગ માતાજીના મંદિરમાં તન-મન-ધનથી જેમણે સહકાર આપ્યો તે તમામને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ મળે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

ઊંઝા ઉમિયા માતાજી મંદિરમાં નવરાત્રિ પર્વની ઉછામણી.

નવરાતી પર્વનો આરંભ આસો સુદ-૧, સોમવાર, તા. ૨૨-૦૯-૨૦૨૫ ના રોજ થશે. પૂર્ણાકૃતિ આસો સુદ-૯ બુધવારે થશે. નવરાતી મહોત્સવ નિમિત્તે જાહેર ઉછામણી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન- ઊંઝાના ઉમેશ્વર હોલમાં યોજાઈ માતાજીની આરતી તથા પ્રસાદીના યજમાન, માતાજીના ૧૩ શ્રીફળનો હોમાત્મક નવચંડી હવનના યજમાન, માતાજીના ગર્ભગૃહમાં તથા માંડવીમાં ફુલોના શણગારના યજમાન, માતાજીને પહેરાવવામાં આવતી સાડીના યજમાન, સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમની ઉછામણીનો કાર્યક્રમ થયો.

આ નવરાવી મહોત્સવમાં અભૂતપૂર્વ શ્રધ્ધા, આનંદ, ઉલ્લાસ સાથે ઉછામણીમાં ભાગ લેવા મોટી સંખ્યામાં ભાવિકો પધાર્યા. શ્રી ઉમિયા માતાજી મંદિરમાં યોજાયેલી નવરાતીના ઉછામણી પ્રસંગે સંસ્થાનના પ્રમુખશ્રી, હોદેદારશ્રીઓ. ટ્રસ્ટીશ્રીઓ, આગેવાનશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, માઈભક્તો મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. ઉછામણીમાં ભાગ લેનાર તમામ ભામાશા દાતાશ્રીઓને મા ઉમિયાના ખુબ ખુબ આશીર્વાદ.

ઉમિયા દ્વારેથી ઉમિયા માતાજી સ્વયં આપના ઘરના દ્વારે

નિહાળવા નીચેના ક્યુ.આર. કોડ સ્કેન કરો

વિજયા દશમીએ ઉમિયા માતાજી મંદિરે નવીન ધજા આરોહણ	ઉમિયા માતાજી નવરાત્રી મહોત્સવ આસો સુદ આઠમ	૧૫૧ ગજની ધજાનું આરોહણ	ઉમિયા માતાજીની નગરયાત્રાની ઝલક	ચૈત્રી નવરાત્રી આઠમની મહાઆરતી

સપ્ટેમ્બર-૨૦૨૫ માસના
દાતાશ્રીઓ ઉપર માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહે



શ્રી જયંતિભાઈ પટેલ
માનદ્ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
પ્રેમીલાબેન રમણભાઈ પટેલ	બાવળા	૧૦,૦૦૦
ઠાકોરભાઈ મણીલાલ પટેલ	અમદાવાદ	૧૧,૦૦૦
સ્વ. મુકેશભાઈ ચતુરદાસ પટેલ	ઉપેરા	૧૧,૦૦૦
વિઠ્ઠલપુરા પગપાળા સંઘ	વિઠ્ઠલપુરા	૧૪,૦૦૧
શ્રી ઉમિયા ડાઈઝ એન્ડ કેમીકલ	સુરત	૧૧,૦૦૦
પટેલ ડીમ્પલ મીત	મહેસાણા	૧૦,૦૦૦
શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ	સીમલથુ	૧૦,૦૦૦
રાજેશકુમાર નાનુભાઈ પટેલ	સુરત	૧૧,૨૦૦
કાન્તાબેન રતિલાલ ભોજાણી	મુંબઈ	૫૧,૦૦૦
પટેલ સતીષભાઈ નટવરભાઈ	અમદાવાદ	૨૩,૬૦૦
વિપુલ એસ. પટેલ	નડિયાદ	૧૧,૦૦૦
દેવજીભાઈ જેઠાભાઈ પોકાર	ઈન્દોર	૧૦,૦૦૧
હિતેશભાઈ બાબુભાઈ પટેલ	સુરત	૧૫,૧૦૧
હરીપરા ધવલભાઈ મનસુખભાઈ	રાજકોટ	૧૧,૧૧૧
ટુડે રોયલ ગ્રુપ	ખારગર	૨૫,૫૦૦
યમુના ઈન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦
યુનીયન બેંક ઓફ ઈન્ડિયા ઊંઝા સ્ટાફ	ઊંઝા	૨૦,૦૦૦
કાવેરી ટીમ્બર અને જય માકેટીંગ	નીલમંગલા	૧૧,૧૧૧
કાવેરી ટીમ્બર અને જય માકેટીંગ	નીલમંગલા	૧૧,૧૧૧
પ્રેન્થર ટેકનોલોજીર્સ	અમદાવાદ	૧૧,૦૦૦
શ્રી શિવ ટીમ્બર માર્ટ	નડિયાદ	૧૧,૦૦૦
બિલ્ડીસો પાર્ટનર એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦

શિક્ષણ સહાયક નિધિ કોર્પસ ફંડ :

પટેલ ધર્મિષ્ઠાબેન જીગ્નેશભાઈ	કિયાદરાઊંઝા	૨૫,૦૦૦
પટેલ અલ્પેશ કાન્તીભાઈ	લક્ષ્મીપુરા ભાલક	૨૫,૦૦૦
પટેલ રતનદિપ ચંપાલાલ	ઔરંગાબાદ	૫૧,૦૦૦

અખંડ ઘી ના દીવા ભેટ :

મહેંદી તુલસીદાસ નાકરાણી	મુંબઈ	૬,૫૦૦

સોના-રૂપાના દાગીના (વસ્તુ) :

પટેલ ગૌતમભાઈ સાંકળચંદભાઈ	વિસનગર	૫,૦૦૦
પટેલ રીટાબેન પ્રદીપકુમાર	બાયડ	૨૫,૦૦૦
કેતનભાઈ જશવંતભાઈ પટેલ	અમદાવાદ	૨૫,૦૦૦
ક્રેયા એન. પટેલ	મહેસાણા	૧૪,૦૦૦

અન્નદાન :

શ્રી અંબિકા ટીમ્બર ટ્રેડર્સ	૫,૦૦૧
કાન્તિભાઈ ભીખાભાઈ પટેલ	૧૨,૫૦૦
શ્રી સરસ્વતી ટીમ્બર ડેપો	૨૦,૦૦૦

(૧૨ વર્ષ માટે)

● કાયમી પ્રસાદ કોર્પસ ફંડ	કુલ વ્યક્તિ-૭	૩૫,૭૦૦
● કાયમી સદાવ્રત કોર્પસ ફંડ	કુલ વ્યક્તિ-૭	૫,૧૦૦
● કાયમી થાળ કોર્પસ ફંડ	કુલ વ્યક્તિ-૧૨	૬૧,૨૦૦

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના અંતર્ગત સપ્ટેમ્બર માસમાં ૪ લગ્ન + ૪ ફૂલહાર લગ્ન - કુલ ૮ લગ્ન થયા.

ઑગષ્ટ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૭૧૩ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

ધન્યવાદ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા. સંચાલિત
"મા ઉમિયાધામ કેમ્પસ" સોલા, અમદાવાદ. નવનિર્મિત હોસ્ટેલના

બોયઝ હોસ્ટેલ રૂમ દાતા રૂા. ૭ લાખ
ગર્લ્સ હોસ્ટેલ રૂમ દાતા રૂા. ૭ લાખ

શ્રીમતિ પ્રભાબેન મનુભાઈ જાવિયા (પટેલ)
શ્રીમતિ મિત્તલબેન જયેશકુમાર જાવિયા (પટેલ)

M. K. Construction - Bopal, Ahmedabad.

તરફથી દાન મળવા બદલ દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર...





મા ઉમિયાધામ
સોલા - અમદાવાદ



બેતાલીસ સમુહ આરતી તથા આનંદનો ગરબો

તા. ૦૭-૦૯-૨૦૨૫, રવિવાર ભાદરવા સુદ પૂનમ



સમગ્ર કાર્યક્રના સૌજન્ય દાતા
રાધાકૃષ્ણ ભજન મંડળ
સાયન્સ સીટી, અમદાવાદ
તરફથી પ્રસાદી-ચુંદડી, આરતી તથા નાસ્તાનું આયોજન હતું.

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ

સપ્ટેમ્બર-૨૦૨૫

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

જિજ્ઞેશભાઈ રમણભાઈ પટેલ	સાબરકાંઠા
પટેલ નિલેશભાઈ જયેન્દ્રભાઈ	અમદાવાદ
વસંતકુમાર જોઈતારામ પટેલ	અમદાવાદ
રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ	પાટણ
જયંતિભાઈ હરગોવનદાસ પટેલ	પાટણ
મનોજકુમાર જોરદાસ પટેલ	ઊંઝા
રમેશભાઈ કાન્તિલાલ મગનદાસ પટેલ	ઉનાવા
બિપીનભાઈ તુલસીભાઈ કાસુન્દ્રા	અમદાવાદ
પ્રવિણકુમાર જયંતિલાલ પટેલ	વિરમગામ
પ્રકાશકુમાર મફતલાલ પટેલ	કામલી
શ્રધ્ધા પ્રવિણભાઈ પટેલ	કડી
મુકેશભાઈ માધવલાલ પટેલ	કામલી
વિપુલકુમાર વિરમભાઈ પટેલ	મહેસાણા
ગણપતભાઈ રેવાભાઈ પટેલ	પાટણ
સુભદ્રાબેન કમલેશભાઈ પટેલ	નદાસા
મયંકકુમાર મફતલાલ પટેલ	મહેસાણા
દિનેશભાઈ માધવલાલ પટેલ	સુરત
શૈલેશભાઈ દશરથભાઈ પટેલ	મહેસાણા
પ્રજ્ઞેશ ભરતભાઈ પરીખ	અમદાવાદ
યોગેશ બાબુલાલ પટેલ	અમદાવાદ
નિતિનભાઈ રમણભાઈ પટેલ	અમદાવાદ
કેયુર બી. પટેલ	અમદાવાદ
નિમેષ બેચરભાઈ પટેલ	અમદાવાદ

લવાજમના નાણા ઓનલાઈન પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૫ વર્ષ માટે)

વિભાગ : ૮ પ્રેરણાત્મક સાહિત્ય

ગુજરાતી લઘુકથાઓ

ચાતુરી

અને અટ્ટાલિકાની બહાર નજર જતાં જાદવરાય અટકી ગયા તેથી રુક્મિણીજીએ સહજ પૂછ્યું :

‘કેમ ! અટકી ગયા... કંઈ ખાસ ?’

‘ના, ના આ તો સામે અગાશી ઉપર મયુર જોયો એટલે.’

‘એટલે...?’ રુક્મિણીજી એ તરફ દ્રષ્ટિ કરતાં બોલ્યાં.

‘એટલે વર્ષાઋતુ યાદ આવી-ભયંકર વરસાદની એક રાત્રે હું ને સુદામો જંગલમાં...’ શ્રી કૃષ્ણએ વાતને વળ ચડાવ્યો. રુક્મિણીજી તે સાંભળવામાં મગ્ન થયાં ત્યાં કાનજી મનોમન રાજી થયા કે, રાધાવાળી વાત ઠીક ચૂકાવી શક્યો !

મા

‘કાકા, આજે તો રાજુ વર્ગમાં રોયો’તો’ કનુએ ખબર કહી.

‘ચ્યમ રોયો’ તો રાજુ ?’ એ ચૂપ રહ્યો. કાકાએ કનુ તરફ જોયું. એ બન્ને એક જ વર્ગમાં સાથએ અભ્યાસ કરતા હોઈ... કનુએ આગળ ચલાવ્યું : ‘આંધળીમાનો કાગળ’ કાવ્ય ચલાવતાં સાહેબે મા વિશે એટલું સરસ-સાચુકલું વર્ણ કર્યું તે રાજુને રડવું આવી ગયું...’

‘ચિયા સાહેબે ?’ જાણવા પૂછ્યું.

‘મહેન્દ્ર ભૈયે’ કનુએ ગુજરાતીના સાહેબનું નામ લીધું.

‘એ !’ અલ્યા એ પોતે તો રોજ ઈની માને મારઝૂડ કરે છે, એ શું સાચુકલું વર્ણન કરે. મારો બેટો જૂઠલો ! માને મારે ને પાછો ત્યાં જઈ...’

બીજે દિવસે ‘આંધળી...’ કવિતા શિક્ષકે તન્મય થઈ પૂરી કરી પણ હવે રાજુ રડી શક્યો નહીં...



- પ્રેમજી પટેલ



શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

શ્રી પી. ડી. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ

કુડાસણ



પટેલ બાબુભાઈ નાથાલાલ (ભાડજ)
પ્રમુખ

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદારએજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ ચાલે છે.

ટ્રસ્ટ દ્વારા ગાયત્રી યજ્ઞ યોજવામાં આવેલ તેની તસવીર

- શ્રી રણછોડભાઈ મુળજીભાઈ પટેલ ઉચ્ચત્તર માધ્યમિક સ્કુલ (રાયસણ)
- શ્રી ડાહ્યાભાઈરેવનદાસ પટેલ પ્રાથમિક શાળા (રાયસણ)
- શ્રી ચીમનભાઈ અંબાલાલ પટેલ શિશુવિહાર (નવાકોબા)
- શ્રી પ્રમુખભાઈડાહ્યાભાઈપટેલ ઇંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કુલ (રાયસણ)
- શ્રી કમલા અમૃત નર્સિંગ કોલેજ(કલોલ)
- સર્વોદય વિદ્યાલય (રાયસણ) (હોલ)
- શ્રી બાબુભાઈ નાથાલાલ પટેલ સાંસ્કૃતિક હોલ(ભાડજ)
- શ્રી શંભુભાઈ કેશવલાલ પટેલ કોમ્યુનીટી હોલ(ભાડજ)
- શ્રી અજયભાઈ ચીમનભાઈ પટેલ સભાહોલ (નવાકોબા) (હોસ્ટેલ)
- શ્રી ડાહ્યાભાઈ પ્રહલાદભાઈ પટેલ છાત્રાલય(કડી)
- ફીઝીઓથેરાપી ટ્રીટમેન્ટ સેન્ટર













સ્કૂલ ટ્રસ્ટી તરીકે હાજરી આપી હર ઘર -તિરંગા અભિયાનને વેગ આપી એક આંદોલન બનાવ્યું.

ભારત માતાકી જય

કિરીટ પટેલ (દેવગઢ)


JP HOSPITAL
ROBOTIC JOINT REPLACEMENT CENTRE
ROBOTIC PRECISION
HUMAN EXPERTISE
6500
થી વધુ
સર્જરીનો
અનુભવ
જેપી હોસ્પિટલ બન્યું રોબોટિક સેન્ટર
અદ્યતન CORI રોબોટ દ્વારા ઘૂંટણ, થાપા તથા
ઘૂંટણના આંશિક રિપ્લેસમેન્ટની સર્જરી
રોબોટિક પદ્ધતિ દ્વારા થાય છે.
Implant Planning
CORI by
Smith+Nephew
USA
એપોઈન્ટમેન્ટ નંબર :
+91 63526 94101 / 100
ડો. જય પટેલ (ઊંઝાવાળા)
Robotic Joint Replacement Surgeon
501-508, Grace Business Park, Sagar Sangit Cross Roads,
Nr. Shaleen Hospital, Sola, Ahmedabad-380060
સૌજન્ય :
માર્ટિન ગ્રેશર

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800

Published on 15th Date of every month

If undelivered please return to below address

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by MUKESHKUMAR AMRUTLAL PATEL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by DAVE DHAVAL KIRTIKUMAR Gujarat Offset Pvt Ltd Offset House, Station Road, Vatva, Ahmedabad-382 440 and Published from Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near Bhagwat Vidyapith, S.G. Highway, Sola, Ahmedabad-380 060. Editor-JETHABHAI PATEL